# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૩૫ : અંક–૧૬૫ વર્ષ - ૧૫ : જૂન–૨૦૧૧

**અષાઢ વદ ૦)), ગુરુવાર તા. ૦૩-૦૮-૧૯૭૮, બહેનશ્રીના વચનામૃત ૧૫૬ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, પ્રવચન–૫૬**

**કરવાનું તો એક જ છે-પરથી એકત્વ તોડવું. પર સાથે તન્મયતા તોડવી તે જ કરવાનું છે. અનાદિ અભ્યાસ છે તેથી જીવ પર સાથે એકાકાર થઈ જાય છે. પૂજ્ય ગુરુદેવ માર્ગ તો ખુલ્લેખુલ્લો બતાવી રહ્યા છે. હવે જીવે પોતે પુરુષાર્થ કરીને, પરથી જાુદો આત્મા અનંત ગુણોથી ભરેલો છે તેમાંથી ગુણો પ્રગટ કરવાના છે. ૧૫૬.**



બહુ ટૂંકું, ધર્મ કરવો હોય એને કરવાનું પહેલું આ છે. ધર્મ કરવો હોય એને. બાકી તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ તો અનંત કાળથી કરે છે, એ કાંઈ ધર્મ નથી. એ તો બધી શુભની, રાગની, પુણ્યની ક્રિયા બંધનું કારણ છે.

૧૫૬. **'કરવાનું તો એક જ છે-પરથી એકત્વ તોડવું.'** આહા..હા..! એ 'એકત્વ નિશ્ચય ગત' આવે છે ને ? અથવા પાંચમી ગાથામાં એકત્વ વિભકત્વમ્ (કહ્યું). 'કુંદકુંદાચાર્ય' કહે છે કે આ આત્માની વાત હું કહીશ. પણ શું કહીશ ? કે એનો આનંદ આદિ જ્ઞાન સ્વભાવ છે એથી ભગવાનઆત્મા એકત્વ છે અને પુણ્ય ને પાપના વિકલ્પો જે રાગ છે એનાથી ભિન્ન છે. નવ તત્ત્વ છે ને ? એમાં શરીર, વાણી, મન આ તો અજીવ જડ તત્ત્વ છે. એમાં જે હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના આ કામ-ધંધો એ ભાવ પાપ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રા આદિનો ભાવ એ શુભ પુણ્ય છે. (લોકોએ) બહારમાં બધું ગોઠવી દીધું છે. આ વ્રત કરો ને ઉપવાસ કરો ને તપ કરો ને...

મુમુક્ષુ :– દુકાને બેસે એ કરતા તો સારું ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :- દુકાને બેસે કે (આ કરે) બધી એક જ જાત છે-બંધ.

અહીં તો કહે છે, જેને આત્માનું હિત કરવું હોય, કલ્યાણ કરવું હોય (તેને માટે વાત છે). બાકી આ સંસારના ધંધા આદિ તો બધા પાપ છે. આહા..હા..! ૧૫૬, ૧૫૬ બોલ. ગુજરાતીમાં ૪૬ પાનું છે. ગુજરાતીમાં ૪૬ છે, ૧૫૬ બોલ છે. આ કરવાનું જેને હિત કરવું હોય એને કરવાનું આ એક છે. શું ? કે આ ધંધાની ક્રિયા ને શરીરની ક્રિયા ને એ ક્રિયા તો જડની જડને કારણે થાય, આત્મા એને ન કરે. અરે...! આવી વાતું ઝીણી બહુ. પણ અંદરમાં જે કાંઈ હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના આ ધંધાના ભાવ (થાય છે) એ બધા પાપ છે. અને દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, પૂજા, જાત્રા એ બધો ભાવ પણ પુણ્યરૂપી રાગ છે. આહા..હા..! આની વાત છે.

પ્રશ્ન :- ધંધો ન કરીએ તો ખાવું શું ?

ઉત્તર :- કોણ કરે છે ? એ તો વિકલ્પ કરે છે. ખાય કોણ ? ખાવાની વાત તો નથી આપણે આવતી ? ખાનારાનું નામ દાણે-દાણે છે. સાંભળ્યું નથી ? 'ઉદાણી' ! સાંભળ્યું છે ? આપણે 'કાઠીયાવાડ'માં કહેવત છે કે 'ખાનરનું નામ દાણે-દાણે છે' એટલે કે જે રજકણો ત્યાં આવવાના એ આવવાના. આકરી વાતું બહુ. ધર્મ એવી ચીજ છે.

મુમુક્ષુ :- મહેનત કર્યા વિના ચાલે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :- ધૂળેય નથી મહેનત. મહેનત કરે (એ) પાપનો ભાવ (છે). એ રોટલીનું બટકું છે એ અંદર ટુકડા કરવા અને આમ લાવવું એ ક્રિયા આત્માની નથી, જડની છે. બાપુ ! એને ખબર (નથી). અનંત કાળમાં તત્ત્વ શું ચીજ છે (એની) ખબર નથી. આહા..! આ શરીર, વાણી, મન એ તો માટી છે, જડ-ધૂળ છે. એની જે અવસ્થા-હાલત થાય એ પણ જડને કારણે (થાય છે), કાંઈ આત્માને કારણે નથી. આ આમ થાય છે એ આત્માને કારણે નથી. એ તો એની પોતાની જડની દશા છે, એનાથી તો ભગવાન ચૈતન્યજ્યોત ભિન્ન છે પણ પુણ્ય ને પાપના વિકલ્પો, રાગ જે થાય છે એ તત્ત્વથી તો ચૈતન્ય તત્ત્વ તદ્દન ભિન્ન છે અંદર. આહા..હા..!

મુમુક્ષુ :- ..........

પૂજ્ય ગુરુદેવશ્રી :- એ આવે, અજ્ઞાનીના શાસ્ત્રમાં બધું આવે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- ધૂળેય નથી કાંઈ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- હા. એ તો બધા એમ પણ નથી કહેતા ? દાંત અહીં (-પેટમાં) નથી માટે ચાવી ચાવીને ખાવું. એમ કહે છે ને લોકો ? બધું સાંભળેલું છે ને ! કોણ ચાવે ? સાંભળ તો ખરો ! દાંત છે એ તો જડ, માટી, ધૂળ છે. એનું જે આમ આમ થાય એ જડની ક્રિયા છે. એનાથી રોટલીના બટકા પણ ન થાય. આહા..હા..! અને દાંતનું હલવું આમ આમ થાય એ આત્માથી ન થાય, એ તો જડની ક્રિયા છે. આરે...! આવી વાતું છે. ખાવાની પર્યાય જેમ (છે. તે સંબંધી) રાગ (જીવમાં એક અપેક્ષાએ) થાય એ ખાવાની ક્રિયા થાય એ જડની છે. રોટલીના પરમાણુની અવસ્થા (આમ થાય છે) એ તો પરમાણુની અવસ્થા જડની, અજીવની છે. ભાવ થાય ખાવાનો એ પાપ છે. આહા..હા..! આવું છે.

**'કરવાનું તો એક જ છે...'** જેને આત્મ કલ્યાણ કરવું હોય, જન્મ-મરણના ચોરાશીના અવતારના ફેરા ટાળવા હોય (તેણે આ એક જ કરવાનું છે). નહિતર તો મરીને માણસ અનંત વાર થયો, મરીને ઢોર થયો, પશુ થયો, કાગડો થયો, કૂતરો થયો એવા અનંત ભવ કર્યા છે, એમાં શું ? માણસ મરીને પાછો ઢોર થશે. આહા..હા..! પશુ થાશે.

મુમુક્ષુ :- બિવડાવો છો.

પૂજ્ય ગુરુદેવશ્રી :- બિવડાવતા નથી, એની દશા જ એવી છે. આહા..હા..! રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપ એવા કષાયભાવ. કંઈક કષાય-પુણ્ય આદિ હોય તો થાશે તો ઢોર, પણ એ જુગલિયાનો ઢોર થાશે. કર્મભૂમિનો, (નહિ) ભોગભૂમિનો થાશે. ઝીણી વાત છે, બાપુ ! ધર્મ એવી ચીજ છે કે જગતને સાંભળવા મળતી નથી.

અહીંયા તો પ્રભુ એમ કહે છે **'एयत्तविहत्तं दाएहं अप्पणो'** હું આત્મા અંતર આનંદનો નાથ પ્રભુ અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન જેનું સ્વરૂપ છે એનાથી તે એકત્વ નામ અભિન્ન છે અને જે કાંઈ પુણ્ય ને પાપના વિકલ્પો, વૃત્તિઓ, રાગ ઊઠે,... આહા..હા..! એનાથી તે જુદો છે. એને હિત કરવું હોય તો આ. **'કરવાનું તો એક જ છે-પરથી એકત્વ તોડવું.'** છે ? વાંચ્યું છે કે નહિ ? ('ભાઈ' !) આ વાંચ્યું છે કે નહિ ?

મુમુક્ષુ :- આખું નથી વાચ્યું.

પૂજ્ય ગુરુદેવશ્રી :- લ્યો હજી આખું નથી (વાંચ્યું) ? આટલા મહિના થયા તોપણ.

મુમુક્ષુ :- મુંબઈમાં રહેવું....

ઉત્તર :- 'મુંબઈ'માં શું છે ? 'મુંબઈ' મોહનગરી મારી નાખે. મોટા ભુંગળા. (કારખાના વગેરે) આહા..હા..! એમાં પાંચ, પચીસ લાખ રૂપિયા થાય ને બે, પાંચ કરોડ થાય... થઈ રહ્યું, હું પહોળો ને શેરી સાંકડી ! થઈ ગયું, મરી ગયા. આહા..હા..! અહીં તો બીજી વાત છે, પ્રભુ ! એ ચીજ તો કંઈ તારી છે નહિ ને તારી નથી પણ અંદરમાં પુણ્ય ને પાપના દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ થાય એ પણ તારા નથી, તારામાં નથી, તેમાં તું નથી. આહા..હા..! ભાઈ ! મારગ ઝીણો, બાપુ ! એણે જન્મ-મરણ કરીને ભાઈ ! થોથા નીકળી ગયા છે. આહા..હા..! પશુના, કીડીના, કાગડાના, કૂતરાના, નરકના... આહા..હા..!

ભગવાન ત્રિલોકનાથ તો એમ કહે છે કે નરકનું એક ક્ષણનું દુઃખ પ્રભુ ! શું કહીએ તને ? કહે છે. એ કરોડો ભવ ને કરોડો જીભથી ન કહી શકાય પ્રભુ ! એવા ક્ષણના નરકના દુઃખ તે અનંતવાર વેઠ્યા છે. ભાઈ ! તું અનંત કાળમાં ક્યાં હતો ? તું છો તો આત્મા. એ કાંઈ અનાદિથી કાંઈ નવો થયો છે, એમ નથી. છે એ તો, તો છે એ રહ્યો ક્યાં ? આહા..હા..! નરક ગતિ અને એકેન્દ્રિય લીલ, ફુગ અથવા ડુંગળી ને લસણ ને એમાં રહ્યો. આહા..હા..! ભાઈ ! તને ખબર નથી તું કોણ છો ? ક્યાં છો ? કેવી રીતે રખડ્યો છો ?

અહીં એ કહે છે, પ્રભુ ! એકવાર સાંભળ તો ખરો, ભાઈ ! આહા..! આ ચૈતન્યમૂર્તિ અંદર ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ સત્ છે, જ્ઞાનાનંદ સ્વરૂપ (છે). એને રાગથી, વિકલ્પથી જુદો કરવો અને સ્વભાવની એકત્વતા કરવી. આહા..હા..! જન્મ-મરણને મટાડવા હોય તો આ ઉપાય છે, બાકી બધા થોથા છે. સમજાણું કાંઈ ? આહા..હા..! છે ? પાંચમી ગાથા છે.

**'કરવાનું તો એક જ છે--પરથી એકત્વ તોડવું.'** શરીર, વાણી, મન તો જડ (છે). એ તો પર છે, એ કાંઈ તારા નથી ને તારે લઈને ત્યાં આવ્યા નથી. આહા..હા..! પણ અંદરમાં રાગ થાય છે દયા, દાન, વ્રત, ભક્તિનો, ધંધા આદિનો રળવાનો ભોગનો ભાવ (થાય છે) એ તો પાપ છે, મહા દુર્ગતિનું કારણ છે. પણ અંદરમાં દયાનો, દાનનો, વ્રતનો, ભક્તિનો, પૂજાનો, જાત્રાનો શુભભાવ થાય અહીં એ પણ દુર્ગતિ છે. એ તારી જાત નહિ, એ તને લાભદાયક નહિ, પ્રભુ ! તને નુકસાન કરનાર છે. આહા..હા..! આવી વાત ક્યાંય એને સાંભળવા મળે નહિ. બિચારાને બહારમાં જરીક કાંઈક પાંચ, પચીસ લાખ પૈસા થયા ને પાંચ, પચ્ચીસ હજાર મહિને પેદા થાય એટલે થઈ રહ્યા જાણે કે આહા..હા..! મરી ગયો, મારી નાખ્યો તેં આત્માને. આહા..હા..! ભાઈ !

તને ખબર નથી.

કરવાનું (તો એક જ છે)–**'પરથી એકત્વ તોડવું.'** આ તો મહા સિદ્ધાંત છે. ('ભાઈ' !) એ તમારા ડૉક્ટરના ઇન્જેકશન જુદા, આ ઇન્જેકશન જુદી જાત છે. આહા..હા..! ('ભાઈ' !) આહા..હા..! ચૈતન્યસૂર્ય, ચૈતન્યચંદ્ર અંદર બિરાજે છે. શીતળ... શીતળ... શીતળ... શીતળ... શાંત સ્વભાવ વીતરાગ અકષાય સ્વરૂપે બિરાજમાન આત્મા છે. જો (તારે) ધર્મ (કરવો) હોય તો તું પુણ્ય ને પાપના રાગથી એનાથી જુદો પાડ અંદર. (પોતાને) એ રાગથી લક્ષ છોડી દઈને અંદરના લક્ષમાં જા, જ્યાં ભગવાન ચૈતન્ય સ્વરૂપ બિરાજે છે. આહા..હા..!

**'પર સાથે તન્મયતા તોડવી તે જ કરવાનું છે.'** એ પુણ્ય ને પાપના વિકલ્પો, વૃત્તિઓ જે ઉઠે છે એમાં તન્મય છે. જાણે 'આ હું છું' એ તન્મયતા. તે મયતા, તે રૂપતા એમ જે માન્યું છે તેને તોડવી પડશે, પ્રભુ ! આહા..હા..! કામ આકરું છે. તન્મયતા, તતમયતા, તે રૂપતા. અંદર દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ ને હિંસા, જૂઠું, ચોરી, ભોગ, વાસના, ધંધાના પરિણામ (થાય) એ પરિણામ સાથે પ્રભુ તન્મય તેં માન્યો છે. આહા..હા..! એ તન્મય છે નહિ. આહા..હા..! બહુ ઝીણી વાત. ધર્મને લોકોએ કંઈકનું કંઈક કરી નાખ્યો. દયા પાળવી ને વ્રત પાળવા ને અપવાસ કરી નાખવા એ ધર્મ ? ધૂળમાંય નથી, મરી જાને ક્યાંય. (પણ ત્યાં ધર્મ નહિ થાય) એ તો રાગરૂપી કલેશ છે. ભાઈ ! તને ખબર નથી.

અહીંયાં તો પર સાથે તન્મય છે તે તોડવું તે કરવાનું છે. **'અનાદિ અભ્યાસ છે તેથી જીવ પર સાથે એકાકાર થઈ જાય છે.'** અનાદિનું છે, એને ખબર નથી. આત્મા તો છે... છે... છે... છે... છે... છે... છે... આમ અનંત કાળ... અનંત કાળ... અનંત કાળ.... છે, છે ને છે. અને અનાદિ કાળથી રાગના વિકલ્પની સાથે એકાકાર માની રહ્યો છે. આહા..હા..! આ શરીરની ક્રિયા જે થાય છે એ તો સ્વતંત્ર જડને લઈને (થાય છે), એમાં તો આત્માનો અધિકાર કાંઈ નથી. આહા..હા..! પણ એની પર્યાયમાં, દશામાં, વર્તમાન હાલતમાં જે અંશમાં પુણ્ય ને પાપની વૃત્તિઓ ઊભી થાય છે તે પણ તન્મયપણે તેં માની છે, છે નહિ. આહા..હા..! એમાં તું નથી, એમાં તું નથી, એ તારામાં નથી. અરે...! આવું હવે. આવો ધર્મ, ભાઈ ! આહા..હા..! **'પર સાથે એકાકાર થઈ જાય છે.'** લ્યો !

**'પૂજ્ય ગુરુદેવ માર્ગ તો ખુલ્લેખુલ્લો બતાવી રહ્યા છે.'** અહીં તો બતાવી રહ્યા છે. માર્ગ તો ખુલ્લેખુલ્લો બતાવ્યો. બાપુ ! અહીં તો ૪૩ વર્ષ તો અહીં થયાં. આ જંગલ હતું આખું. ગાય, ભેંસ બેસતી. અત્યારે તો કરોડો રૂપિયા નખાઈ ગયા છે. આ એક જ (પરમાગમ મંદિર) છવ્વીસ લાખનું થયું છે, આ એક જ મકાન છવ્વીસ લાખનું. એ તો એને કારણે થયું, કોઈ લાવે ને કરે એ વાતમાં કાંઈ માલ નથી. 'રામજીભાઈ' ધ્યાન રાખે પ્રમુખ ખરા ને ઇ, માટે આ થયું. ભાવ (થયો) વિકલ્પ થયો હતો. એ વ્યાખ્યાન પૂરું થાય એટલે બહાર નીકળીને પૂછતા હતા. થયું છે ? કેમ થયું ? એ પૂછતા હતા. પ્રમુખ હતા ને ! પ્રમુખ છે ને ?

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– પણ મેં તો પૂછતા હતા એમ કહ્યું ને ? પૂછતા હતા એમ કહ્યું ને ? જાતા, અહીં આવતા નહોતા ઇ. નીકળે એટલે પૂછતા હતા, શું કર્યું ? કેમ કર્યું ? ને આ અમારે... શું કહેવાય ? 'વજુભાઈ' એ પણ આમાં ધ્યાન રાખતા. પણ ધ્યાન રાખે માટે થયું છે ? ભાઈ ! બહુ આકરું કામ, ભાઈ ! એ તો પરમાણુઓ જડ છે ને ? એની જે અવસ્થા થવાનો કાળ છે તે કાળે થયું છે. ભાઈ ! તારાથી નહિ. તું એનો કર્તા નહિ, ભાઈ !

પ્રશ્ન :– ઇજનેરથી થયું છે ને ?

ઉત્તર :– બિલકુલ થયું નથી. 'રામજીભાઈ'(થી નહિ). ઇજનેરથી થયું નથી ને 'રામજીભાઈ'થી થયું નથી.

એ... ('ભાઈ' !) આવું કામ છે, બાપુ ! આહા..! 'કરે કર્મ સોહિ કરતારા' 'નરસિંહ મહેતા' 'જુનાગઢ'માં થઈ ગયા છે. ઇ તો સાંભળ્યું છે ને 'નરસિંહ મહેતા' ? ઇ કહે કે 'હું કરું, હું કરું, એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે' ગાડું હોય ને ? ગાડું. બસો મણ (ભાર ભર્યો હોય) અને બે બળદ હાંકતા (હોય). ઠીઠા (ગાડાની નીચેનો ભાગ) હેઠે (નીચે) કૂતરું હોય. એ અડે (એટલે એને એમ લાગે કે) મારાથી ગાડું ચાલે છે. એમ આ ધંધા ને વાણી ને આ ક્રિયા ને... એ કૂતરા જેવો જીવ અંદર હેઠે અડે છે ને એને એટલે જાણે આ મારાથી થાય છે (એમ માને છે).

'હું કરું, હું કરું, એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે' ગાડાનો ભાર કૂતરો તાણે એવા બધા કૂતરા છે. (કૂતરાનું માથું ગાડાને અડે અને માને કે ગાડું મારાથી ચાલે છે) આહા..હા..! ધંધા ઉપર થડે બેઠો હોય. આમ કરો ને આમ કરો ને... પાંચ-પચીસ નોકર હોય, બે, પાંચ હજારની દિવસની પેદાશ હોય. ગયા ને હમણાં, ('ભાઈ' !) આવશે પછી. આ કરોડપતિ બેઠા. કારખાના મોટા ચાલે છે. એનાથી ચાલતા હશે ? લોકો એમ કહે છે કે આ અત્યારે 'ભાઈ' કર્તા-હર્તા છે, મોટાભાઈ ગુજરી ગયા, બાપ ગુજરી ગયા. છોકરાઓ ધ્યાન રાખે. પતંગ ઊડે પણ દોરા હાથમાં રાખે. એમ આ બધા કામ થાય પણ હાથમાં રાખે કે કેમ થાય ? બધી વાત ખોટી છે. આહા..હા..! આવું છે, બાપુ ! ભાઈ ! શું થાય ?

ત્રણ લોકના નાથ સર્વજ્ઞ જિનેશ્વરદેવનો હુકમ આ છે. આહા..હા..! પ્રભુ ! તારો ઉદ્ધાર કરવો હોય, આ જન્મ-મરણના ચોરાશીના અવતાર કરી કરીને બાપુ ! દુઃખી-દુઃખી છો. ઇ પચીસ, પચાસ કરોડ, આ બધા ચાલીશ કરોડવાળા શેઠ ગુજરી ગયા ને હમણાં, ચાલીશ કરોડ. દુઃખી હતા બિચારા. એ સિવાય આપણા દશાશ્રીમાળી. ભાઈએ નહિ સાંભળ્યું હોય. દોઢ વર્ષ પહેલાં ગુજરી ગયા. 'ગોવા'માં (એક મુમુક્ષુ) હતા, 'ગોવા'માં બે અબજ ચાલીશ કરોડ. કેટલા ? બસો ચાલીશ કરોડ. દશાશ્રીમાળી વાણિયા 'પાણાસણા'ના હતા. એની બેનની દીકરીયું આપણે અહીં બ્રહ્મચારી છે. ચોસઠ બ્રહ્મચારી દીકરીયું છે ને ? બે અબજ, ચાલીશ કરોડ ! ૬૧ વર્ષની ઉંમર. એની વહુને હેમરેજ થઈ ગયું. 'ગોવા' માં ચાલીશ લાખનો બંગલો છે. દસ દસ લાખના બે બીજા બંગલા છે અને એક એક લાખની એક એક આગબોટ નાની, એવી ત્રણસો તો આગબોટ છે. છે, અત્યારે છે. એ હમણાં દોઢ વર્ષ પહેલા ગુજરી ગયો. આહા..હા..! એની વહુને હેમરેજ હતું તો 'મુંબઈ' આવ્યો હતો. એમાં બે, ચાર દિ' થયા હશે. પેલી તો એકદમ અસાધ્ય હતી. (રાત્રે) ઊઠ્યો (અને કહે), મને દુઃખે છે, બોલાવો ડૉક્ટરને. ડૉક્ટરને બોલાવવા જાય છે ત્યાં તો આ ભાઈસા'બ પરગતિએ ચાલ્યા ગયા. આહા..હા..! મોટો ગૃહસ્થ એટલે મડદાને ત્યાં લઈ ગયા. પછી શણગાર્યું હશે. પણ એમા ધૂળમાં (શું છે) ? પેલો મરી ગયો એને શું છે હવે ? આહા..હા..! શું પણ ચીજ ? એ ચીજ તારી ક્યાં (છે) ? એ તો જગતની ધૂળ છે. પૈસા તો જગતની ધૂળ છે. તું જીવ ચૈતન્યમૂર્તિ. આહા..હા..!

આ તો એક અર્થ કર્યો હતો, ભાઈ ! ('ભાઈ' !) હતા ને તમે ? પેલો ચેતનનો. ભાઈ ! ચેત્તન. એમાં એક 'ત' ડબલ કરવો. ચેત્તન-તો ચેત + તન = જ્ઞાન જેનું તન છે. જાણક સ્વરૂપ જ જ્ઞાયક જેનું તન છે, શરીર છે. ચેત્તન. ચૈતન્ય. ચેત-જ્ઞાન જેનું તન-શરીર છે. રાગ પણ નહિ ને પુણ્ય પણ નહિ ને શરીર પણ નહિ. આહા..હા..! આવું છે, બાપુ ! અરે..! આકરું કામ બહુ. આહા..હા..!

અરે..! દુનિયાને સંસારના પાપ અને ધંધા આડે નવરાશ ન મળે. બાવીસ કલાક, ત્રેવીસ કલાક (પાપ). એકાદ કલાક સાંભળવા જાય ત્યાં એવા કુગુરુ મળે

(કે) એને લુંટી લે, એનો કલાક (લુંટી લે). 'શ્રીમદ્' કહે છે. એને કહે કે વ્રત કર ને અપવાસ કર ને ભગવાનની ભક્તિ કર ! લુંટી લીધો એનો કલાક ! આહા..હા..! આવી વાતું છે, પ્રભુ !

અહીં કહે છે, '**ખુલ્લેખુલ્લો બતાવી રહ્યા છે. હવે જીવે પોતે પુરુષાર્થ કરીને,...**' અહીં તો ચોખ્ખી વાત દાંડી પીટીને કહીએ છીએ કે દેહની ક્રિયા, પરની ક્રિયા આત્મા ત્રણ કાળમાં કરી શકે નહિ. આહા..હા..! અને તેમાં જે પુણ્ય ને પાપના ભાવ થાય એ રાગ ને દુઃખરૂપ છે. એનાથી ભિન્ન કરતાં તને સુખ થશે, બાકી સુખી નહિ થા ને દુઃખમાં રડી પડી, મરી જઈશ. આહા..હા..! સમજાણું કાંઈ ? અબજોપતિ અને કરોડોપતિ સુખી છે ? ધૂળેય નથી, સાંભળને ! દુઃખના ડુંગરમાં માથા ફોડ્યાં છે. આત્મા સચ્ચિદાનંદ પ્રભુ ! અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ ! અંદર એને તો જોયો નહિ, માન્યો નહિ અને આ બધું મારું મારું (કરીને) મરી ગયો. આહા..હા..!

અહીં કહે છે, '**હવે જીવે પોતે પુરુષાર્થ કરીને, પરથી જુદો આત્મા અનંત ગુણોથી ભરેલો છે...**' આહા..હા..! આવી વાત ! એની જે આ વર્તમાન, વર્તમાન દશા છે ને ? ચાલતી દશા, વર્તમાન પલટતી અવસ્થા (છે) એની સમીપમાં આખું ધ્રુવ તત્ત્વ છે. એ ચૈતન્ય. એવું ધ્રુવ તત્ત્વ,... આહા..હા..! એને '**પુરુષાર્થ કરીને, પરથી જુદો આત્મા અનંત ગુણોથી ભરેલો છે...**' ભગવાન. આહા..હા..! અરે..રે..! કેમ બેસે ? તત્ત્વ છે ને ? વસ્તુ છે ને ? હયાતી ધરાવનાર પદાર્થ છે ને આત્મા ? તો એમાં અનંત ગુણ છે.

એક એક આત્મા પરથી, પર આત્માથી જુદો, અનંત આત્માથી જુદો, અનંતા રજકણોથી જુદો, એવા તો અનંત ધર્મ એનામાં એક આત્મામાં છે. આહા..હા..! એ સિવાય અનંત સામાન્ય વિશેષ ગુણો પણ અનંત છે. એને ક્ષેત્રની જરૂર નથી કે આવડું મોટું (ક્ષેત્ર હોય તો રહી શકે). આહા..હા..!

'**અનંત ગુણોથી ભરેલો છે...**' અનંત શક્તિનો સાગર પ્રભુ છે. આહા..હા..! અરે..! પણ કોઈ દિ' નજરું કરી નહિ ન્યાં. જ્યાં અંદર ચૈતન્ય નિધાન પડ્યું છે. રાગથી ખસી સ્વરૂપમાં કોઈ દિ' અંદર ગયો નહિ. શું આ ઋદ્ધિ ને સમૃદ્ધિ પડી છે આમાં (એને જોયું નહિ). આહા..હા..! આ બહારની ધૂળની સમૃદ્ધિ ને ઘરવખરી જ્યાં કરે બે, પાંચ લાખના (ફર્નીચર કરે) મખમલ ને ઢીકણાં ને ફીકણાં ને ફર્નીચર (કરે).... રખડવાના છે, રખડવાના રસ્તા. આહા..હા..! '**તેમાંથી ગુણો પ્રગટ કરવાના છે.**' ગુણો એટલે પર્યાય. આહા..હા..! સ્ફટિક મણિ જેમ નિર્મળ છે એમ ભગવાનનું સ્વરૂપ તો નિર્મળ શુદ્ધ છે પણ એની દશામાં રાગ ને દ્વેષ કરીને અનંત કાળથી ચાર ગતિના ભવો અનંત કર્યા. આહા..હા..! અને હજી પણ જો ભિન્ન નહિ કરે તો એ ચાર ગતિમાં રખડવાના રસ્તે, પંથે છે. એ કાગડા ને કૂતરાના પશુના, ઢોરના અવતાર. આહા..હા..!

પશુ કેમ કહે છે ? કે આ પશુ છે ને તિર્યંચ ? આ માણસ આમ છે, ઊભા છે ને આમ ? અને ગાય, ભેંસ, ઘોડા, હાથી આમ આડા છે. ખીસકોલી, મોર, કોળ આડા છે ને આમ ? ઢોર આડા છે. ઇ કેમ આડા થયા ? કે પૂર્વે એણે રાગ-દ્વેષની આડોડાઈ બહુ કરેલી. એ તિર્યંચમાં તીરછું શરીર મળ્યું એને આડું અંતર તો આડોડાઈ કરી પણ શરીર પણ એને આડું મળ્યું. આવી વાતું છે, બાપુ !

'ગોમ્મટસાર'માં પાઠ છે. તિર્યંચ, તિર્યંચ કહે છે ને ? તિર્યંચ. તિર્યંચ એટલે તીરછું, તીરછું એટલે આડું. આ મનુષ્યનું શરીર આમ છે. (ઊભું) ગાય, ભેંસ, ખીસકોલી, નોળ, કોળના આડા શરીર છે. એવા અવતાર અનંતા કર્યા. કેમ ? કે પૂર્વે પુણ્ય ને પાપના ભાવ (સાથે ભિન્નતા ન કરી). ઘણાં તો તિર્યંચમાં જનારને પાપના (ભાવ) છે. પણ કોઈના પુણ્યના ભાવ હોય તો એ અકર્મભૂમિનો જુગળીયો હાથી થાય. આહા..હા..!

પણ એ ઢોર છે. ત્રણ પલ્યનું તો મોટું આયુષ્ય છે. એ ઝીણી વાત છે. અત્યારે બધો નિર્ણય કરવા જઈએ તો વાર લાગે. લોજીકથી બધી વાત સિદ્ધ થઈ શકે છે. સમજાય છે કાંઈ ? સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વરે તો ન્યાયથી જે વાત કરી છે એ યુક્તિથી બધી સિદ્ધ થઈ શકે છે. આહા..હા..!

કહે છે, તું રાગનો વિકલ્પ જે છે, ચાહે તો ભગવાન ગુણી છે ને એમાં અનંત આનંદ છે, એવો જે વિકલ્પ-રાગ ઊઠે એ રાગથી પણ ભિન્ન ભગવાન છે. અરે..! આટલે બધે જવું ! હજી તો શરીરથી જુદો માનવો કઠણ પડે. આહા..હા..! આ તો હાડકા માટી છે. એમાં શું છે ? આહા..હા..! માતાના પેટમાં એક લોહીનું બિંદુ અને એક વીર્યનું બિંદુ. આ ઋતુ આવે છે ને ? ત્યારે પછી ઋતુ અટકે છે એનું કારણ એ. એમાં જીવ આવ્યો. એટલે માસીક મહિને ઋતુ બંધ થઈ જાય. કારણ કે ત્યાં હવે શરીર બંધાવાના રજકણો ચોંટે છે. આહા..હા..! આવ્યો બીજા ભવમાંથી અને એ બિંદુ અને લોહીનું (રજકણ) એમાં આવ્યું. એમાં એને હળવે... હળવે... હળવે... અંગ ઉપાંગ થાય, અંગ ઉપાંગ થાય. સવા નવ મહિને પછી બહાર લાવે. અરે...! આવા તો અવતાર પ્રભુ ! અનંત કર્યા તેં, ભાઈ ! તું ભૂલી ગયો. ભગવાનને ભૂલ્યો અને અવતાર કર્યા એને પણ ભૂલ્યો. ભગવાન એટલે આત્મા ત્રિલોકનાથ એને ભૂલ્યો અને અવતાર કર્યા અનંત એને પણ ભૂલ્યો. આહા..હા..! **'ગુણો પ્રગટ કરવાના છે.'** (૧૫૬ બોલ પૂરો થયો).

## પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની જન્મ શતાબ્દી મહોત્સવ આનંદ-ઉલ્લાસપૂર્વક સંપન્ન

ભાવી તિર્થાધિનાથ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના મહાપુરાણના પાત્ર પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીનો જન્મ શતાબ્દી મહોત્સવ તા.૧૧-૫-૨૦૧૧ થી ૧૩-૫-૨૦૧૧ પર્યંત સુવર્ણપુરી તીર્થધામસ્થિત 'ગુરુ-ગૌરવ' સ્મારક ભવનમાં અત્યંત આનંદથી ઉજવાયો. આ પ્રસંગે બહારગામથી અનેક મુમુક્ષુ ભાઈ-બહેનોએ પધારીને ત્રણદિવસીય ધાર્મિક કાર્યક્રમનો લાભ લીધો.

તા.૧૧-૫-૨૦૧૧ના દિવસે શ્રી સોગાની પરિવારના સભ્યો દ્વારા એક જ્ઞાનગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું. જેનું સંચાલન શ્રી સંજય શાસ્ત્રી, મંગલાયતન દ્વારા કરવામાં આવ્યું હતું.

તા.૧૨-૫-૨૦૧૧ના દિવસે કલકત્તા મુમુક્ષુ મંડળ દ્વારા 'ધન્ય પુરુષાર્થી શ્રી સોગાનીજી' નામના ભવ્ય નાટકની રજુઆત થઈ, જેમાં પૂજ્ય શ્રી સોગાનાજીની અંતરંગદશાનો સંક્ષેપમાં પરિચય આપવામાં આવ્યો.

તા. ૧૩-૫-૨૦૧૧ના દિવસે પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રી પ્રવચનસારજી પરમાગમ ઉપરના ધારાવાહી પ્રવચન 'પ્રવચનસુધા ભાગ-૫ (હિન્દી)' ની અર્પણવિધિ કરવામાં આવી. ત્યાર બાદ પારણાઝુલન, જન્મ વધામણા, ભક્તિ આદિ કાર્યક્રમો થયા.



# બહેનશ્રીના વચનામૃત ૮૯ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું પ્રવચન, પ્રવચન નં. ૭૩ (તા.૧૮-૪-૧૯૮૭)

**મુનિરાજને એકદમ સ્વરૂપરમણતા જાગૃત છે. સ્વરૂપ કેવું છે ? જ્ઞાન, આનંદ આદિ ગુણોથી રચાયેલું છે. પર્યાયમાં સમતાભાવ પ્રગટ છે. શત્રુ-મિત્રના વિકલ્પ રહિત છે; નિર્માનતા છે; ‘દેહ જાય પણ માયા થાય ન રોમમાં’; સોનું હો કે તણખલું – બેય સરખાં છે. ગમે તેવો સંયોગ હોય– અનુકૂળતામાં ખેંચાતા નથી, પ્રતિકૂળતામાં ખેદાતા નથી. જેમ જેમ આગળ વધે તેમ તેમ સમરસભાવ વધારે પ્રગટ થતો જાય છે. ૮૯.**

મુમુક્ષુ :– (હિન્દી મેં લીજિયે) !

પૂજ્ય ભાઈશ્રી :– ૮૯મો બોલ મુનિદશાનો છે – ધન્ય મુનિદશા ! ઇસલિએ યે મુનિદશા કે આગે ધન્યવાદકા વિશેષણ હૈ (ક્યોંકિ) ગૃહસ્થ મેં એસી દશા કી ભાવના ધર્માત્મા કો સદા રહતી હૈ. સદા રહતી હૈ કિ, ઐસી મેરી દશા કબ હો ? મુનિદશા માને સ્વરૂપ સ્થિરતા. અપને જ્ઞાનાનંદ સ્વરૂપમેં નિરાકુલ શાંત ભાવસે સ્થિર રહ જાના ઔર અપને સ્વરૂપકી શાંતિ, આનંદ ઔર સુખકો ભોગતે રહના, એસી ભાવના (હૈ), અત્યંત સુખી હોનેકી ભાવના (હૈ). ‘એગંત સોહી મુનિ વીતરાગી’

ઇસ વિશ્વમેં કોન સુખી હૈ ? કિ, અકેલા એક મુનિ હી, એગંત – અકેલા મુનિ હી સુખી હૈ. કૈસા મુનિ સુખી હૈ ? કિ, વીતરાગી મુનિ હી સુખી હૈ. જીસને રાગ-દ્વેષકા અભાવ કિયા, નાશ કિયા ઇસલિયે રાગ-દ્વેષકા દુઃખ જિસકો નહીં હૈ ઔર વીતરાગતા કા જિસકો સુખ હૈ ઐસે મુનિઓંકી કૈસી દશા હોતી હૈ ઉસકી મહિમા કરતે–કરતે (યહાં) ઉસકા વર્ણન કિયા (હૈ).

**‘મુનિરાજકો એકદમ સ્વરૂપરમણતા જાગૃત હૈ.’** એકદમ માને બહુત જોર સે, સ્વરૂપ રમણતામેં વે જાગૃત હૈં, ઐસે મુનિ હોતે હૈં. અપને સ્વરૂપમેં રમણતા કરના માને લીન રહના, અપને સ્વરૂપકી પરિણતિમેં હી લીન રહના ઔર મૈં પરિપૂર્ણ જ્ઞાનાનંદ સ્વરૂપ આત્મા હૂં ઐસી તીવ્ર જાગૃતિ રહના.

‘ગુરુદેવ’ કે પ્રવચનમેં ઐસી બાત આતી હૈ કિ, મુનિરાજ ઇતને જાગૃત હૈં કિ વે નીંદમેં ભી જાગૃત હૈં. અલ્પ નીંદ લેતે હૈં તો ઉસમેં ભી વે જાગૃત હૈં. ચૈતન્યકી જાગૃતિ વહાં નહીં છૂટતી. જબ નીંદમેંસે વે જાગૃત હોતે હૈં, તો ઉનકો યે પતા ચલતા હૈ કિ, નીંદમેં ભી મૈં મેરે સ્વરૂપમેં તો જાગૃત હી થા. મેરે સ્વરૂપકે વિષયમેં મુઝે નીંદ આ ગઈ હૈ, ઐસા તો પરિણામ નહીં ચલા, ઐસી મેરી દશા નીંદ મેં નહીં રહી. ઐસા પતા ઉનકો ચલતા હૈ. ઉપયોગસે પતા ચલતા હૈ. તો ફિર જાગૃતિમેં તો જાગૃતિ હૈ હી.

એકદમ માને ઇતને સ્વરૂપ જાગૃતિ કી ઉગ્રતામેં હમેશા પરિણમન કરતે હૈં. જિસ સ્વરૂપમેં વે જાગૃત હૈં, જિસ આત્મસ્વરૂપમેં વે જાગૃત હૈં વહ સ્વરૂપ કૈસા હૈ ? કિ **‘જ્ઞાન, આનંદાદિ ગુણોં સે નિર્મિત હૈ.’** ઇસસે ઇસકી રચના હુઇ હૈ. રચના માને કોઈ નઈ રચના હુઈ હૈ વહ બાત નહીં હૈ કિ કોઈ નઈ રચના હો ગઈ હૈ. લેકિન રચિત હી હૈ. યાની ઐસા હી બનાબનાયા

હુઆ હૈ, નયા બનાયા હુઆ નહીં હૈ. જિસમેં કેવલજ્ઞાન જૈસા અનંતજ્ઞાન ભરા હૈ ઔર જિસ આનંદકી કોઈ હદ નહીં (ઇતને આનંદ સે) ભરપૂર હૈં ઐસા અપના સ્વરૂપ હૈ, ઉસમે વે જાગૃત હૈં, ઇસલિયે બાહરકી કિસી ભી પ્રકારકી ચીજકી આવશ્યકતા હૈ ઇસ બાતકા વે અનુભવ નહી કરતે, ઐસા મહસૂસ નહીં કરતે કિ, મુઝે કોઈ ચીજ કી આવશ્યકતા હૈ. ઐસા અનુભવ કભી નહીં કરતે, કિ મુઝે યે ચાહિયે, મુઝે વહ ચાહિયે, ઇસસે મુઝે અનુકૂલતા રહેગી, યે ઠીક રહેગા. યહ બાત ઉનકો વિકલ્પમેં નહીં આતી.

મુમુક્ષુ :– ઐસા ક્યું ?

પૂજ્ય ભાઈશ્રી:- ઐસે જ્ઞાનાનંદમેં (રહતે હૈં), વે આનંદમેં ઐસે પડે હૈં. યે અનુકૂલતા મુઝે હો ઐસી આકુલતા ઉનકો નહીં હોતી. વિકલ્પ ઔર ઇચ્છા કબ હોતી હૈ ? કિ કોઈ પદાર્થ પ્રાપ્ત નહીં હૈ, અપ્રાપ્ત પદાર્થકી ઇચ્છા સંબંધિત આકુલતા (હોતી હૈ) વહ તો દુઃખ ભાવ હૈ. મુનિકો ઇતના દુઃખ હૈ હી નહીં. દુઃખમેંસે યે ઇચ્છા ઉત્પન્ન હોતી હૈ. મેરે પાસ પૈસે નહીં, મેરે પાસ ખાના નહીં, મેરે પાસ વસ્ત્ર નહીં, મેરે પાસ મકાન નહીં, મેરે પાસ મેરા સમાજ નહીં, ઇસકા દુઃખ સામાન્ય મનુષ્યકો હોતા હૈ, એક દુઃખવશ ભાવ હોતા હૈ. તો વે ઉતને દુઃખમેં હૈં હી નહીં. ઇતના દુઃખ હી નહીં હૈ, તો દુઃખીત ભાવ ભી નહીં હૈ. દુઃખકા ભાવ નહીં હૈ. બસ ! અપને સુખમેં પડે હૈં. યહ સુખમેંસે ઔર આનંદમેંસે બહાર નિકલના ઉનકો અચ્છા નહીં લગતા. ઇસલિયે ઉનકો સ્વરૂપમંથર કહતે હૈં (અર્થાત્) આલસી હૈં. સ્વરૂપમેંસે, આનંદમેંસે બહાર નિકલનેકે આલસી હૈં. ઉનકો આલસ આતી હૈ. યહાંસે બહાર નિકલના (અચ્છા નહીં લગે.)

ઐસે સ્વરૂપમેં વે જાગૃત રહકર પરિણમન કરતે હૈં. ઐસે પરિણમનમેં પડે હૈં. **'પર્યાયમેં સમતાભાવ પ્રગટ હૈ.'** વિષમભાવકા નાશ કિયા હુઆ હૈ. રાગ-દ્વેષકી વિષમતાકા અભાવ કર દિયા, નાશ કર દિયા ઔર પર્યાયમેં સમપરિણામ, જ્ઞાતા-દ્રષ્ટાપનાકા પરિણામ, સમપરિણામ ઐસા સહજરૂપસે ઉત્પન્ન હો ગયા. પર્યાયમેં કોઈ વિષમ રાગ-દ્વેષરૂપ પરિણમન હોતા નહીં. ઐસા સમભાવ (પ્રગટ હૈ).

**'શત્રુ-મિત્રકે વિકલ્પ રહિત હૈ.'** કિસી ભી જીવકે પ્રતિ યહ મુઝે પ્રતિકૂલતા દેનેવાલા હૈ ઐસા વિકલ્પ નહીં હૈ. કોઈ પ્રતિકૂલતા દેનેવાલા હો તો ભી ! ઐસા નહીં કિ, પ્રતિકૂલતા નહીં દેતે હૈં ઇસલિયે કિસીકે પ્રતિ શત્રુતાકા ભાવ નહીં હૈ. કોઈ પ્રતિકૂલતા કરનેકા ઇરાદા રખતા (હૈ) ઔર ઉસકી ચેષ્ટા કરતા હૈ, ઉસકે પ્રતિ ભી ઉનકો શત્રુકી કલ્પના નહીં હોતી. શત્રુ માને મુઝે યે પ્રતિકૂલતા દેગા, દે રહા હૈ, દોનોંમેંસે એક (ભી) બાત નહીં હૈ. વર્તમાનમેં દેતા નહીં, દે સકતા નહીં, ભવિષ્યમેં ભી વહ દે સકતા નહીં યા દેગા વહ બાત મેરે લિયે કોઈ વિકલ્પકા વિષય નહીં હૈ. ક્યોંકિ જગતમેં કોઈ ભી પ્રસંગ મેરે લિયે પ્રતિકૂલ હૈ હી નહીં. સભી પ્રસંગ જ્ઞાતાકે જ્ઞેય હૈં. મૈં જ્ઞાન હૂં, સબ પદાર્થ જ્ઞાનકે જ્ઞેયરૂપ હૈં, ઇસસે કોઈ દૂસરા સ્થાન ઇસમેં નહીં હૈ.

મુમુક્ષુ :– શ્રેણીક મહારાજાને મરા હુઆ સર્પ ડાલા તો ઉનકો તો પ્રતિકૂલતા હુઈ થી.

પૂજ્ય ભાઈશ્રી:- કુછ નહીં હુઆ. બસ ! આનંદમેં ડૂબ ગયે. સર્પ ડાલા, સર્પકા મુર્દા – દેહકા મુર્દા થા ઉસમેં ચીંટિયાં હો ગઈ, વે ચીંટિયાં તો કાટે ભી (લેકિન) સ્વરૂપમેં લીન હો ગયે, આનંદમેં ડૂબ ગયે, આનંદસાગરમેં, આત્મા આનંદ અમૃતકા સરોવર હૈ, ઉસ સરોવરમેં વે તો ડૂબ ગયે. અંદર સ્વરૂપકા જો સમુદ્ર હૈ (વહ) ડોલતા હૈ, સારા સમુદ્ર અંદરમેં ડોલતા હૈ. ઉસમેં વે ડૂબકી લગાતે હૈં. કુછ ભાન નહીં રહતા કિ દેહ હૈ કી નહીં હૈ. જબ દેહકા ભાન ભૂલ જાતે હૈં તો દેહ પર સર્પ લગા હૈ ઔર દૂસરી ચીંટિયા વગેરે હૈં ઉસકા ભાન ભૂલ જાતે હૈં.

મુમુક્ષુ :– શત્રુતા નહીં રહતી.

પૂજ્ય ભાઈશ્રી :– નહીં, વે તો સમઝે કિ અપને કો ક્યા પતા કોન હૈ ? કૈસા હૈ ? અપને અપના કામ કરો ન. જૈસે કોઈ Main road પર દુકાન લગાઈ. સારે દિન Traffic ચલતા હૈ. આદમી Traffic કો દેખે કિ અપના કામ કરે ? આપકી દુકાન થી, તો

ઘરાક આવે ઉસકો કપડા દેવે ? યા યહ ઘોડા નિકલા, યહ ગાડી નિકલી, યહ સાયકલ નિકલી, યહ સ્કુટર નિકલા, યહ મોટર નિકલી ઉસકો દેખતે રહેં ? (ઉસીકો દેખતા રહે) તો ધંધા બંધ હો જાયેગા. (ઇસ પ્રકાર) જ્ઞાનકે જ્ઞેયમેં સબ પદાર્થ Traffic હૈં. વહ જ્ઞાન અપના જ્ઞાનાનુભવમેં રહતા હૈ, Traffic કો નહીં દેખતા. કભી ધ્યાન જાતા હૈ તો દેખા-નહી દેખા, સુના-નહીં સુના હો જાતા હૈ. ફિર અપને સ્વરૂપકે કાર્યમેં લગ જાતે હૈં.

**'શત્રુ-મિત્રકે વિકલ્પ રહિત હૈ;...'** કોઈ સેવા કરનેકો આવે, 'મહારાજ ! આપ હમારે ગુરુ હૈં, આપકી સેવા કરના હમારા ધર્મ હૈ.' તો ઉસકો અનુકૂલતાકી દૃષ્ટિસે નહીં દેખતે. યહ મુઝે અનુકૂલતા દેનેવાલા હૈ, વહ ધર્માનુરાગી જીવ હૈ ઇસલિયે અચ્છા હૈ, ઔર યહ મેરેકો પ્રતિકૂલતા દેનેવાલા હૈ, દુઃખ ઉત્પન્ન કરાનેવાલા હૈ ઇસલિયે વે ઉસકો દૂસરી નજરસે દેખે, ઉસકો દૂસરી નજરસે દેખે (ઐસા નહી હૈ). દોનોંકો એક સમાન નજરસે દેખતે હૈં.

વહ કૈસે બન સકે ? જબ દોનોંકી પર્યાય વિરુદ્ધ હૈં, એક કા ભાવ દ્વેષકા હૈ, એક કા ભાવ રાગકા હૈ તો ફિર દોનોંકો સમાન કૈસે દેખ સકે ? ક્યા રાગ-દ્વેષકો નહીં સમઝતે ? દોનોંકા આત્મા એક સરીખા હૈ, જિસમેં પર્યાય ગૌણ હૈ – રાગ-દ્વેષકી પર્યાય જિસમેં ગૌણ હૈ. દોનોં એક જાતિકે આત્મા હૈં ઔર રાગ-દ્વેષ ભી જ્ઞાનકા તો જ્ઞેય હી હૈ. ન દૂસરે કા રાગ મુઝે અનુકૂલ હૈ, સુહાતા હૈ, ન દૂસરે કા (દ્વેષ) પ્રતિકૂલ હૈ (યા) મુઝે કોઈ દુઃખ દેતા હૈ. ઉસકા દ્વેષ મુઝે કોઈ દુઃખ નહીં દેતા, ઉસકા રાગ મુઝે સુખ નહીં દેતા. ઇસકા દ્વેષ ઇનકી પર્યાયમેં હૈ, ઉસકા રાગ ઉસકી પર્યાયમેં હૈ. મેરે દ્રવ્યમેં, ગુણમેં, પર્યાયમેં કોઈ આતા નહી, ન સ્પર્શ કરતા હૈ. ફિર મેરે લિયે તો દોનોં જ્ઞાનમેં પ્રતિબિંબ હોતે હૈં. વિભિન્ન પ્રકાર કે જ્ઞેય, વિભિન્ન પ્રકાર કે હોતે હુએ ભી જ્ઞેય સામાન્યરૂપ હૈ. સામાન્ય જ્ઞેય ! વિશેષ જ્ઞેયકો ગૌણ કર દેતે હૈં. વિશેષતાકો ગૌણ કર દેતે હૈં. જ્ઞેય સામાન્ય કે સ્થાનમેં ઉસકો રખતે હૈં, અપને જ્ઞાનકો જ્ઞાન સામાન્ય કે સ્થાનમેં રખતે હૈં. બસ ! એક સમભાવ હો ગયા. એકસરીખા ભાવ (હો ગયા). જ્ઞાનસામાન્ય, જ્ઞેયસામાન્ય. બસ ! ઉસકો સમભાવ કહતે હૈં.

ઐસે સમતાભાવમેં **'શત્રુ-મિત્રકે વિકલ્પ રહિત હૈ;...'** શત્રુ-મિત્રકા વિકલ્પ ઉત્પન્ન હી નહીં હોતા. અનુકૂલ-પ્રતિકૂલ કા વિકલ્પ ઉત્પન્ન હી નહીં હોતા. વહ સામ્યભાવ હૈ. સમતાભાવ હૈ વહ સામ્યભાવ હૈ, સામ્યભાવ હૈ વહી ધર્મભાવ હૈ, યહી મોહ, ક્ષોભ, રહિત આત્મપરિણામ હૈ. 'પ્રવચનસાર'કા શુરૂ મેં અધિકાર ચલા હૈ કિ મુનિરાજકો ઐસા ધર્મ હોતા હૈ, 'કુંદકુંદાચાર્યદેવ' મુનિદશા કે ઉસ ભાવ (કો) શુરૂસે હી વ્યક્ત કરતે હૈં. મેરી દીક્ષાકી યહ સ્થિતિ હૈ, દીક્ષાકે લિયે મૈં તૈયાર હુઆ હૂં. ઇસલિયે દીક્ષા કે પ્રસંગમેં મૈં પંચપરમેષ્ઠીકા આદર કરતા હૂં, આહ્‌વાન કરતા હૂં, નમસ્કાર કરતા હૂં, પ્રણામ કરતા હૂં – ઐસા કરકે ગ્રંથકા પ્રારંભ કરતે હૈં. ઉસમેં શુરૂમેં યહ બાત લી હૈ કિ, **'ચરિત્ત ખલ્લુ ધમ્મો'** ચારિત્ર હૈ વહ ધર્મ હૈ, ધર્મ હૈ વહ સામ્ય હૈ, સામ્ય હૈ (વહ) મોહ, ક્ષોભ રહિત આત્મપરિણામ હૈ. યહ આત્માકા પરિણામ હૈ. બહુત પ્રચુર વીતરાગી ભાવનામેંસે યે સબ ગાથાયેં નિકલી હૈં.

**'શત્રુ-મિત્રકે વિકલ્પ રહિત હૈ; નિર્માનતા હૈ;...'** બાહરમેં કેવલજ્ઞાનીકો દેખતે હૈં, અંદરમેં અપને અનંત કેવલજ્ઞાન સ્વરૂપ આત્મતત્ત્વકો દેખતે હૈં, ઔર વર્તમાન અવસ્થાકો ઉસકે પાસ અલ્પ દેખતે હૈં. વર્તમાન અવસ્થાકી અલ્પતા હૈ ઇસલિયે ઉસકી નિર્માનતા હૈ. મૈં મહામુનિ હો ગયા હૂં ઐસા મુનિપનાકા અહંભાવ ઉનમેં (નહીં હોતા). યાની આઠ પ્રકારકે મદમેંસે કિસી એક ભી પ્રકારકા વિકલ્પ હોતા નહીં.

નિર્માન હૈ, નિર્ભય હૈ, નિર્ભ્રાંત હૈ, નિર્મમત્વ હૈ બહુત શબ્દ લિયે હૈં ઇસમેં... 'નિયમસાર'કી ગાથામેં ! નિર્માનતા હૈ, ગુરુકે સ્થાનમેં હૈં, વૈસે તો સમાજમેં વે ગુરુકે સ્થાનમેં હૈં, નિર્ગ્રંથ ગુરુ હૈં. સમાજકે સભી – જિતને ભી (લોગ હૈં) ઉનકે લિયે પૂજ્ય હૈં. ક્યોંકિ ઇતને ગુણવાન હૈં, અપની દશામેં ઇતને વિશેષ હૈં, પવિત્ર હૈં. પવિત્રતાકે લિયે પૂજનીય હૈં, ફિર ભી મેરે સે દૂસરા

અવગુણવાલા હૈ ઔર મૈં ગુણવાન હૂં – ઐસી દૃષ્ટિસે વે નહીં દેખતે. ઇસ દૃષ્ટિસે નહીં દેખતે. ઇતની દશા હુઈ તો ઇસમેં ક્યા હો ગયા ? મૈં તો જ્ઞાયકતત્ત્વ હૂં ઇસકે આગે (ઇસ) દશાકા મૂલ્ય ક્યા હૈ ? ઇસમેં અહંપના કરનેકા વહ સ્થાન હી નહીં હૈ.

'ण वि होदि अप्पमत्तो ण पमत्तो' પ્રમત્ત-અપ્રમત્ત મૈં હૂં હી નહીં ન ! મુનિ હોકર ઐસા કહતે હૈં. દૂસરે લોગ તો ઐસા કહતે હૈં કિ, આપ તો મુનિ હુએ નહીં ઔર ફિર પ્રમત્ત-અપ્રમત્તકા કૈસે નિષેધ કરતે હૈં ? તો (કહતે હૈં કિ), અભિપ્રાયમેં તો વહી બાત હૈ. જબ તો મુનિદશા આતી હૈ. કહાંસે નિકલી મુનિદશા ? પહલે ઐસા અભિપ્રાય બનતા હૈ, બાદમેં દશા આતી હૈ. અભિપ્રાય પહલે બદલતા હૈ, દશા બાદમેં બદલતી હૈ. પહલે દશા હો જાયે ફિર અભિપ્રાય બદલે ઐસા કભી બનતા નહીં.

પ્રશ્ન :– સમઝમેં નહીં આયા પ્રમત્ત-અપ્રમત્ત કા ક્યા હૈ ?

સમાધાન :– પ્રમત્ત માને છઠા ગુણસ્થાન, જિસમેં પંચમહાવ્રત, સમિતિ, ગુપ્તિ, અઠ્ઠાઈસ મૂલગુણકા પાલન હોતા હૈ. નગ્ન દિગંબર દશા, જંગલવાસ, એક દફે ખડે–ખડે આહાર કરના, આહાર-પાની એક સમય (લેના), અદંતધોવન, કિસી ભી પ્રકારકા કિસી ભી અંગમેં શૃંગાર નહીં, કુછ લગાના નહીં, ભભૂત લગાના નહીં, રાખ લગાના નહીં, ચંદન લગાના નહીં, તેલ લગાના નહીં, કુછ લગાના નહીં, પાની ભી લગાના નહીં, સ્નાન નહીં, અસ્નાનતા હૈ. છઠે ગુણસ્થાનમેં બાહ્ય સંયમકા ઇસ પ્રકારકા વિકલ્પ હૈ, ઔર સાતવેં ગુણસ્થાનમેં નિર્વિકલ્પ શુદ્ધોપયોગ – વીતરાગી ઉપયોગમેં દેહસે ભિન્ન શુદ્ધાત્માકા અનુભવ હોના. જ્ઞાન-ધ્યાન ! સ્વરૂપજ્ઞાન ઔર સ્વરૂપધ્યાનમેં લીનતા હો જાના, ઇસસે ભી ભિન્ન મૈં જ્ઞાયકતત્વ હૂં, ઇસસે ભી ભિન્ન (હૂં). એક સમયકી અવસ્થાસે ભિન્ન ત્રિકાળી જ્ઞાયકતત્ત્વ હૂં ઐસા અનુભવ ચતુર્થ ગુણસ્થાનવાલા કરતા હૈ, પંચમ ગુણસ્થાનવાલા કરતા હૈ, મુનિરાજ ભી ઐસા હી અનુભવ કરતે હૈં.

પ્રશ્ન :– આત્માનો અનુભવ – એનાથી જુદાં કેવી રીતે ?

સમાધાન :– કેમ ત્રિકાળી તો એનાથી જુદું જ છે ને ! એ તો ક્ષણિક અવસ્થા છે. એનો નાશ થાય તો પોતાનો નાશ થાય. ધ્યાનનો નાશ થાય તો ધ્યેયનો નાશ નથી થતો. માટે હું ધ્યેયસ્વરૂપ છું એક સમયના ધ્યાનસ્વરૂપ હું નથી. આ જૈનદર્શનની ગૂઢ ચીજ છે. આ બહુ ઊંડી ચીજ છે.

ધર્મ-અધર્મ દોનોં અવસ્થાકી ચીજ હૈં. ધર્મ ઔર અધર્મ દોનોં અવસ્થાકી ચીજ હૈં. અવસ્થાસે પાર કોઈ તત્ત્વ હૈ સો મૈં હૂં. ઐસા અંતર અવલંબન (લેના) વહી ધર્મ હૈ. જિસમેં ઉસી ધર્મકી મુખ્યતા નહીં. અંતર અવલંબન લેનેવાલી પર્યાયકી ભી મુખ્યતા નહીં, યહ કોઈ વિશિષ્ટ બાત હૈ ઈસ વિષયક ! ઐસા તત્ત્વ મૈં હૂં ઐસા ભાવ ધર્મકી અવસ્થામેં હોતા હૈ, ફિર ભી વહ પર્યાયકી મુખ્યતા નહીં, ઇતના મૈં નહીં. (મૈં) અવલંબન લેને યોગ્ય (હૂં) – અવસ્થાકા અવલંબન લેને યોગ્ય મૈં હૂં, મૈં જ્ઞાયક કા અવલંબન લેતા હૂં, ઐસી બાત નહીં. ઐસા અહંપના સ્થાપિત (કરના), હૈ વહાં સ્થાપિત કરના યહ સમ્યક્ હૈ. ફિર ભી અસમ્યક્-સમ્યક્ દોનોં અવસ્થાકી મુખ્યતા ઇસકે આગે નહીં હૈ. ઐસી એક વિશિષ્ટ પ્રકારકી બાત હૈ !

પ્રશ્ન :– આત્મા તો ત્રિકાળી છે અને પર્યાય ગૌણ છે તો અપ્રમત્તમાં એમ કીધું કે, એ હું નહિ ?

સમાધાન :– એટલે એટલો – એવડો હું નહીં. પર્યાય જેવડો, જેટલો હું નહીં. ઈ પર્યાયનો આધાર નથી ને ! પર્યાય તો ખુદ દ્રવ્યનો આધાર લ્યે છે. કોનો ? દ્રવ્યનો એટલે મારો આધાર લ્યે છે. મારો આધાર તમે લ્યો તો આધાર લેનાર નિર્બળ છે. જેનો આધાર લેવામાં આવે છે એ સબળ છે, બળવાન તો એ છે. બસ ! હું બળવાન છું વાત પૂરી થઈ ગઈ. હું તો બળવાન છું. હું નિર્બળ નથી કે મારે કોઈનો આધાર લેવો પડે, એમ. એટલે એ હું નહીં.

એમાં શું છે કે એક સમયની અવસ્થામાં હુંપણું સ્થાપવું તે જ મિથ્યાત્વ છે. **'પર્યાયમૂઢાઃ પરસમયા'** 'પ્રવચનસાર'નું આ સૂત્ર છે. બીજો અધિકાર – 'જ્ઞેય

અધિકાર' ૯૨મી ગાથાથી શરૂ કર્યો (ત્યારે) પહેલી વાત આ લીધી. ત્યાં તો હજી દ્રવ્યનો અધિકાર – દ્રવ્યાનુયોગ ચાલશે. દ્રવ્ય સામાન્ય અધિકાર અને દ્રવ્ય વિશેષ અધિકાર (ચાલશે). એમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ અને દ્રવ્ય-ગુણ-પર્યાય(નો વિષય ચાલશે). પદાર્થનું બંધારણ શું છે એ બતાવવું છે. તો કહે છે કે, પદાર્થનું બંધારણ દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક છે, એમ કહેતા કહેતા અધ્યાત્મને સ્થાપે છે કે પર્યાયનું બંધારણ દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક છે તોપણ પર્યાયમૂઢ તે પરસમય છે, એમ સાથે સાથે કહી દે છે. દ્રવ્ય-ગુણ-પર્યાય બતાવતા બતાવતા એટલી વાત બતાવતા જાય છે કે, પર્યાયમા હુંપણું અનાદિથી સ્થાપી રાખ્યું છે, એ પર્યાયમાં મૂઢપણું છે, મિથ્યાપણું છે, પરસમયપણું છે, એ જિનમતની બહાર છે એમ કહે છે. પરસમય કોને કહેવાય ? સ્વસમય નથી તે પરસમય છે. આમ લેવું.

પ્રશ્ન :– પ્રમત્ત-અપ્રમત્ત કીધું એમાં પ્રમત્તમાં તો વિકલ્પ છે, અપ્રમત્તમાં તો ત્રિકાળીનો આધાર છે. ત્રિકાળીનો આધાર ભલે પર્યાય લે છે તો પછી ઈ હું નથી, કયા Pointથી કીધું છે ?

સમાધાન :– (પ્રમત્ત દશા છે એ) વિકલ્પ છે. હું જ્ઞાયક છું એવા Pointથી કીધું છે. હું ત્રિકાળી જ્ઞાયક છું, અનાદિઅનંત અનંત ગુણથી એકરૂપ સદશ રહેતું હું તત્ત્વ છું. એક ક્ષણ પૂરતી અધૂરી અવસ્થા ભલે અપ્રમત્ત અવસ્થા છે પણ એ તો અધૂરી અવસ્થા છે. ચારિત્ર અધૂરું છે, જ્ઞાન અધૂરું છે, પુરુષાર્થ અધૂરો છે, સુખ અધૂરું છે. બરાબર છે ? અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ તો પ્રગટ્યા નથી. હું ક્યાં એવડો છું ? હું કાંઈ એવડો નથી. એટલે હું નહીં. હું એવો નહીં, હું અધૂરો નહીં એમ કહે છે. તમે કરોડો અને અબજોના અબજોપતિ છો. એમાં તમારી કો'ક ઓળખાણ કરાવે કે આ ભાઈ આવ્યા હોં ! બહુ લાખોપતિ માણસ છે હોં ! તમને એમ થાય કે, આ લાખોપતિ કેમ કહે છે ? મારી પાસે તો અબજોના અબજો છે. તો એને તો ઓછું સ્થાન આપ્યું કે વધારે સ્થાન આપ્યું ? એને તો ઓછું સ્થાન આપ્યું છે, એમ.

પરિપૂર્ણ આત્મસ્વરૂપ પાસે એક સમયની ધ્યાનસ્થ મુનિદશા પણ અનંતમાં ભાગે છે. એનું જ્ઞાન અનંતમાં ભાગે છે, એનું આચરણ અનંતમાં ભાગે છે, એનું સુખ અનંતમાં ભાગે છે, પુરુષાર્થ અનંતમાં ભાગે છે, બધું અનંતમાં ભાગે છે. પૂર્ણની પાસે આ છદ્મસ્થની દશા અનંતમાં ભાગે છે. તો પછી એનું અહંપણું કેવી રીતે આવે ? એમ. ઊંચપદ છોડીને નીચપદમાં જવાનું કાંઈ કારણ ખરું ? એમ કહે છે. પોતે તો સર્વોત્કૃષ્ટ ઊંચપદમાં છે. જો એક સમયની છદ્મસ્થ અવસ્થામાં અહંપણું કરે તો નીચપદમાં અહંપણું કર્યું. એમ છે. સ્વરૂપજ્ઞાનીને એવું થતું નથી. ચોથે ગુણસ્થાનથી નથી થતું. જ્ઞાયક જણાઈ ગયો. અરે...! હું તો આવો છું, પછી એક સમયની ચોથાગુણસ્થાનની, પાંચમાંની, છઠ્ઠાની ગમે ઈ અવસ્થા (હોય) એમાં શું ? ક્યાંથી પોતાનું પદ સ્થાપે ? કે ન સ્થાપે. પછી આખો એનો ઉપાડ ફરી ગયો.

મુમુક્ષુ :– પુરુષાર્થનો વેગ થવાનું કારણ આ છે.

પૂજ્ય ભાઈશ્રી :– એ જ કારણ છે કે અનંતવીર્યનો પિંડ છું પછી અલ્પ પુરુષાર્થમાં, પુરુષાર્થ તો પ્રગટ્યો ને ! પુરુષાર્થ તો થયો ને ! એ જોવા એ રહેતા નથી એમ કહે છે. આ વાણિયા દુકાને જઈને કમાણી કરે છે (તો) આટલી મૂડી તો થઈ ને ! હવે બસ ! એમ રાખે છે કોઈ દી' ? ટાંટિયા ઢસડાતા હોય ત્યાં સુધી દુકાને જાય.

મુમુક્ષુ :– લક્ષ પરિપૂર્ણનું છે એટલે પુરુષાર્થ...

પૂજ્ય ભાઈશ્રી :- એને જે જોઈએ છે એ અનંતુ જોઈએ છે. બહારમાં પૈસા કેટલા જોઈએ છે ? જેટલા આવે એટલા અનંત જોઈએ છે. તો આવ્યા ઈ ગણતો જ નથી. પહેલા કાંઈ નહોતું ને હવે દસ લાખ થયા, પછી પાછા પંદર લાખ થયા, પછી પચીસ (લાખ થયા) ઈ જોતો જ નથી. હજી જોઈએ છે... હજી જોઈએ છે... હજી જોઈએ છે એ બાકી રહે છે કે નહીં ? શું થાય છે ? દૃષ્ટિનો વિષય અધૂરો ન હોય. એમાં અલ્પતા અને ઊણપ કોઈને પોસાતી નથી. બહારમાં જાય તો એ બાજું ઓછું જોઈતું નથી, અંદરમાં આવે તો એ બાજું પણ ઓછું જોઈતું નથી.

મુમુક્ષુ :- થોડું તો કામ થયું....

પૂજ્ય ભાઈશ્રી :- હા, પણ અધૂરો પહોંચ્યો તો એમાં વધારે પડતું શું માનવાની જરૂર છે ? હજી તો રસ્તો અડધો કાપ્યો છે, પૂરું થવાનું ધ્યેય છે. પોતાનું સ્વરૂપ પૂર્ણ છે અને જેવું પૂર્ણ સ્વરૂપ છે એવી જ પરિપૂર્ણ દશા થાય તો મને લાયક છે, તો મને યોગ્ય છે. અધૂરીદશા રહે ઈ મને કેવી રીતે યોગ્ય છે ? હું પૂરો ને મારી દશા અધૂરી ? ભૂખ લાગી હોય અને અડધું ખાવા દે જોઈ ? તમને દસ રોટલીની ભૂખ છે, (પણ) બે રોટલી ખાઈને ઊભા થઈ જવું પડશે. તો કહે, ભાઈ ! બેસવું જ નથી. એમ કહે. જોઈએ તો પૂરું જોઈએ. કેમકે પોતે પૂરો છે. બહારમાં પૂરું જોઈએ છે એનું કારણ છે. આખી દુનિયાની સંપત્તિ કેમ ઓછી પડે છે ? કે સ્વરૂપે પૂર્ણ છે એટલે એને ક્યાંય પૂરું પડતું જ નથી. બધે અધૂરું અધૂરું જ લાગ્યા કરે છે. એટલે ઈ બાજુ હેરાન થયા કરે છે. આ બાજુ પૂર્ણ દશા સમજે, પૂર્ણ સ્વરૂપ સમજે તો પૂર્ણદશા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી એ પુરુષાર્થને છોડે નહીં અને પૂર્ણ થાય ત્યાં સુધી પોતાની કાર્યપદ્ધતિને છોડે નહીં.

(અહીં સુધી રાખીએ)....

## બહેનશ્રીના વચનામૃત ૮૯ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું પ્રવચન, પ્રવચન નં. ૭૪ (તા.૧૯-૪-૧૯૮૭)

પૃષ્ઠ-૩૫. ૮૯વાં બોલ ચલતા હૈ. મુનિરાજ કી ભક્તિ કરતે હૈં. નિર્ગ્રંથ મુનિ જંગલવાસી મહાત્મા કી અંતરંગ દશા કૈસી હોતી હૈ ? સમભાવરૂપ ધર્મ કૈસા હોતા હૈ ? જિનકે શત્રુ-મિત્ર કે વિકલ્પ નહીં હોતે ઔર પ્રચુર વીતરાગદશા હોનેપર ભી નિર્માનતા હૈ. અપને પૂર્ણસ્વરૂપ કે આગે વે અપની દશા કો પામર સમજતે હૈં.

આગે ઐસા એક બોલ હૈ કિ, મુનિરાજ ભી અપને પૂર્ણ સ્વરૂપ કે સાથ અપની દશા કા મિલાન કરતે હૈં તો ઉનકો યહ લગતા હૈ કિ, મૈં તો પામર હૂં. સામાન્ય સંસારી જીવોં સે તો વે મહાન હૈં ! બહુત મહાન હૈં !! પંચ પરમેષ્ઠિપદ મેં બિરાજમાન હૈં, ફિર ભી નિર્માનતા હૈ.

**'દેહ જાય પર માયા હોય ન રોમ મેં'** દેહ જાય માને દેહ છૂટને કા પ્રતિકૂલતા કા પ્રસંગ આ જાયે ફિર ભી દેહ બચાને કે લિયે, શરીર કી રક્ષા કે લિયે, તિલતુષ માત્ર માયા કા પરિણામ જિનકો નહીં હોતા; માયા માને ગુપ્ત પાપ, 'ગુપ્ત પાપતઃ માયા' ઐસા સૂત્ર હૈ. જો ગુપ્તરૂપ મેં પાપ પરિણામ હોતા હૈ, જો દૂસરે કો પતા નહીં ચલે ઐસા વ્યક્ત નહીં હોતા હૈ, કભી તો પતા ચલ ભી જાતા હૈ, ઐસા અવ્યક્તરૂપ મેં વક્ર પરિણામ હોતા હૈ, અસરલ પરિણામ હોતા હૈ. ફિર ભી મુનિરાજ કો ઐસા પરિણામ દેહ છૂટને કી પરિસ્થિતિ મેં ભી નહીં હોતા હૈ. ભલે હી દેહ કા નાશ હો, ભલે હી દેહ કા અભાવ હો, ફિર ભી ઉસે બચાને કે લિયે સીધી તો ચેષ્ટા નહીં કરે – Direct પરિણામ નહીં કરે, Indirect – માયાચાર સે ભી ઐસા કોઈ કરના, કરવાના યા કરનેવાલે કો ઠીક જાનના, ઐસા વક્રતારૂપ પરિણામ – અસરલ પરિણામ રોમ મેં માને તનિક ભી નહીં હોતા, થોડા ભી નહીં હોતા, જરા ભી નહીં હોતા. ઐસે ઉનકે પરિણામ (હોતે હૈં).

ઐસા દેહ પર જિનકા મમત્વ છૂટ ગયા હૈ. ઇસકા મતલબ ક્યા હૈ ? કિ, દેહ પર જિનકા મમત્વ છૂટ ગયા હૈ, જૈસે શત્રુ-મિત્ર મેં સમાનતા હૈ, વૈસે હી જીવન-મરણ મેં ભી સમાનતા હૈ, ઐસા કહના હૈ. જીવન-

મરણ દોનોં સમાન હૈં. 'જીવિત કે મરણે નહિ ન્યૂનાધિકતા' મૈં જિંદા રહું તો કોઈ અધિક કામ કરુંગા ઔર મેરા પ્રાણ છૂટ જાયેગા તો મેરા કામ કમ હો જાયેગા, ઐસા ન્યૂનાધિકપના નહીં હૈ. યહ સમભાવ કી પરાકાષ્ટા કી ગાથા હૈ. જીવિત યા મરણ મેં જિનકો ન્યૂનાધિકતા નહીં હૈ, અરે...! ભવ-મોક્ષ મેં જિનકો સમભાવ વર્તતા હૈ ! અવસ્થા મેં ભવ હો ઇસસે મુઝે ક્યા ? અબ મેરે કબજે મેં મેરા પરિપૂર્ણ પરમાત્મા હૈ, મૈં હી ખુદ પરમાત્મા હૂં, પરિપૂર્ણ સ્વરૂપ હૂં. અવસ્થા મેં કમી-બેસી હોતી હૈ વહ અલ્પકાલ કે લિયે અસ્થિરતા હૈ, અબ કુછ લંબી રહનેવાલી નહીં હૈ, ફિર ભી ઇસ પર મેરા વજન નહીં હૈ. યહ અલ્પ કાલ રહનેવાલી હૈ ઔર અલ્પ કાલ મેં પૂર્ણ હો જાઉંગા. ઇસ પર ભી ઇતના વજન નહીં હૈ. યહ ગૌણ હૈ.

ઐસા ત્રિકાલ સદ્દશ એકરૂપ સ્વરૂપ મેં એકત્વ સે સમભાવ પ્રાપ્ત હુઆ હૈ, ઇસલિયે **'સોના હો યા તિનકા – દોનોં સમાન હૈં.'** યહ ભી સમભાવ કા હી દૃષ્ટાંત હૈ. સોના હો યા મિટ્ટી હો, શત્રુ હો યા મિત્ર હો, અનુકૂલતા હો યા પ્રતિકૂલતા હો, જીવિતપના હો યા મરણ કી દશા આયે, પ્રાણત્યાગ હો યા પ્રાણ કા સંયોગ હો (દોનોં સમાન હૈં). પ્રાણ કે સંયોગ કો જીવન કહતે હૈં, પ્રાણ કે ત્યાગ કો – વિયોગ કો મરણ કહતે હૈં. ઔર ભવ હો યા મોક્ષ હો, યે સબ દ્વંદ્વ સે પાર હો ગયે હૈં, નિર્દ્વંદ્વ હો ગયે હૈં. ઐસી નિર્માનતા હૈ, ઐસા નિર્દ્વંદ્વપના ભી હૈ. દોપના નહીં રહા, એકરૂપ સ્વરૂપ મેં અદ્વૈત સ્વરૂપ મેં દ્વૈતપના નહીં, દ્વંદ્વપના નહીં, દોપના નહીં, નિર્દ્વંદ્વ હૈં. સબ સમાન હૈ.

સમાન હૈ માને ? કિસી કે પ્રતિ રાગ-દ્વેષ નહીં હોતા. સોના કો સોના જાનતે હૈં, મિટ્ટી કો મિટ્ટી જાનતે હૈં, મિટ્ટી કો સોના નહીં જાનતે, સોના કો મિટ્ટી નહીં જાનતે. ફિર ભી ન સોને કે પ્રતિ રાગ હૈ, ન મિટ્ટી કે પ્રતિ દ્વેષ હૈ.

પ્રશ્ન :– ઐસા ક્યોં ?

સમાધાન :– ક્યોંકિ ઐસા અપને માત્રજ્ઞાન સ્વરૂપ મેં સ્થિરીભૂત હો ગયે હૈં. એકદમ સ્થિર હો ગયે હૈં. સમભાવ મેં સ્થિર હૈં. વિષમભાવ જિનકો પૈદા નહીં હોતા હૈ ઐસા સમભાવ હો ગયા હૈ. રાગ ઔર દ્વેષ વિષમભાવ હૈં. ઐસે વિષમભાવ મેં વે આતે નહીં. વીતરાગદશા, પ્રચુર વીતરાગદશા મેં વે ઝુમતે હૈં, મહાલતે હૈં, વિહાર કરતે હૈં, વિચરતે હૈં.

વીતરાગદશા મેં વિચરના. જંગલ મેં વિચરતે હૈં વહ તો એક કહને કી બાત હૈ. ક્યોંકિ લોગોં કી તરહ વે શહર મેં, ગાંવ મેં નહીં રહતે. અસલ મેં તો વે અપને વીતરાગભાવ મેં વિચરતે હૈં, ઇસમેં રમણતા હૈ.

**'સોના હો યા તિનકા – દોનોં સમાન હૈં.'** યહ ભાવના કા વિષય હૈ. મુનિદશા હૈ વહ ભાવના કા વિષય હોતા હૈ. **'ચાહે જૈસે સંયોગ હોં...'** કિસી ભી પ્રકાર કે સંયોગ હો. વહ તો શુરૂ સે હી, જબ દીક્ષા કાલ મેં પ્રતિજ્ઞા લી હૈ તબ હી સે યહ બાત તો હો ગઈ હૈ. કૈસે ભી પ્રસંગ હો, કૈસે ભી સંયોગ હો, કૈસા ભી વિયોગ હો, કુછ ભી હો મૈં અકેલા હૂં. મેરા કિસી કે સાથ કુછ ભી સંબંધ નહીં હૈ. ભિન્ન હૂં માને સર્વથા ભિન્ન હૂં. દેહ પર સે ભી લક્ષ્ય છૂટ ગયા હૈ.

ઇસલિયે તો 'નિયમસાર' મેં લિયા હૈ કિ, જિનકો પાંચ ઇન્દ્રિય કા ઉપયોગ હી નહીં હૈ. ઇતના ઉપર ઉપર સે ઉપયોગ જાતા હૈ કિ, જૈસે ઉપયોગ હૈ હી નહીં ! અંદર ચૈતન્યગોલે મેં ઉપયોગ રમણ કરતા હૈ. નજદીક મેં શરીર હૈ વહાં ભી ઉનકા ઉપયોગ નહીં જાતા. (શરીર) હૈ યા નહીં હૈ, ભૂલ જાતે હૈં !

**'ચાહે જૈસા સંયોગ હોં – અનુકૂલતા મેં આકર્ષિત નહીં હોતે, પ્રતિકૂલતા મેં ખેદ નહીં કરતે.'** ન અનુકૂલતા કા બિલકુલ આકર્ષણ હોતા હૈ કિ, યહ ઠીક હૈ. ભૂખ લગી થી, આહાર કા વિકલ્પ હુઆ થા, અચ્છા હુઆ કિ, આહાર મિલ ગયા – યહ નહીં (હૈ). અગર છયાલીસ

દોષમેં સે કોઈ ભી દોષ નજર આયે યા કિસી એક દોષ કી શંકા હો જાયે; સામનેવાલે કા દોષ હોવે નહીં, લેકિન શંકા હો જાયે (કે), ઘર મેં હૈં તો દો હી આદમી, પતિ-પત્ની દો હી હૈં (તો ફિર) ઇતના રસોઈ કા સામાન કૈસે ? ઉસને તો કોઈ મહેમાન આયે હો યા કિસી કી ખુરાક ભી જ્યાદા હો સકતી હૈ, જિસકો ચાવલ ઇતના ચાહિયે, ઉસકો ઇતની મિઠાઈ ચાહિયે, ઇસકો ઇતની ચાહિયે, ઇસકો ઇતના હી ચાવલ ચાહિયે, (ઐસી) શંકા હો જાયે તો ચલે જાયે. હોવે અનઉદ્દેશિક, અનઉદ્દેશિક હોતે હુએ ભી એક દોષ કી શંકા હોવે તો ઉનકો – મુનિરાજ કો વૈરાગ્ય હો જાતા હૈ કિ, ચલો ! અપને તો અપને સ્વરૂપ મેં ઠીક હૈ. આહાર નહીં મિલા તો યહ અચ્છા નહીં હુઆ, ઉપવાસ હો જાયેગા, ઐસા દ્વેષ નહીં હોતા. ઉનકો તો યહી હુઆ કિ, ચલો ! અપને તો અપને સ્વરૂપ મેં હી ઠીક હૈ. ઐસા કોઈ જોગ હી નહીં હૈ તો અપને સ્વરૂપ મેં લીન હો જાઓ, બસ !

ઐસે **'અનુકૂલતા મેં આકર્ષિત નહીં હોતે, પ્રતિકૂલતા મેં ખેદ નહીં કરતે.'** બસ ! ઉસકા ખેદ – દ્વેષ નહીં આતા. ઐસા ક્યોં કરતે હૈં ? ઐસા ક્યોં હોતા હૈ ? મુનિ કો કૈસા આહાર દેના યહ ઉસકો પતા નહીં હૈ ક્યા ? ઐસા વિકલ્પ ઉનકો આતા નહીં. **'જ્યોં-જ્યોં આગે બઢે ત્યોં-ત્યોં સમરસભાવ વિશેષ પ્રગટ હોતા જાતા હૈ.'**

**'જ્યોં-જ્યોં આગે બઢે...'** માને જૈસે-જૈસે મુનિદશા મેં કાલ વ્યતીત હોતા જાતા હૈ, બાહર સે ઐસા લગતા હૈ કિ, જહાં તક શ્રેણિ શુરૂ નહીં કિ, આઠવે, નૌવેં, દસવેં ગુણસ્થાન મેં નહીં પહુંચે, વહાં તક મુનિરાજ કો છઠા-સાતવાં, છઠા-સાતવાં ગુણસ્થાન હૈ, ફિર ભી ઉસી ગુણસ્થાન મેં વે આગે બઢતે જાતે હૈં. ઐસા ભી એક બોલ આયેગા. બાહર સે તો ઐસા હી લગે કિ, મુનિ છઠે-સાતવેં (ગુણસ્થાન મેં હૈં). લેકિન જ્યોં-જ્યોં આગે બઢતે હૈં, જૈસે-જૈસે કાલ વ્યતીત હોતા હૈ નિર્જરા બઢતી જાતી હૈ, નિર્જરા બઢતી હૈ, ઇસકા મતલબ ભાવ મેં શુદ્ધિ વિશેષ બઢતી હૈ ઔર વીતરાગતા બઢતી હૈ; વિજ્ઞાનઘન હોતે જાતે હૈં, જ્ઞાનઘન હોતે જાતે હૈં, આનંદઘન હોતે જાતે હૈં; ઐસે મુનિરાજ કા જો સમરસભાવ હૈ, સમરસ માને વીતરાગભાવ – સમભાવ, વિષમભાવ સે વિરુદ્ધ ભાવ. વિશેષ વિશેષ માને અધિક અધિકરૂપ સે બઢતા જાતા હૈ. ઐસી મુનિદશા કો ભાવના મેં લેતે હુએ 'ધન્ય મુનિદશા' કહને મેં આતી હૈ, ઇસે 'ધન્ય મુનિદશા' કહતે હૈં.

ઇસ ગ્રંથમેં સે મુનિરાજ કી મહિમા ઔર ભક્તિ કે વિષયક બહુત સે બોલ હૈં ઉનકો અલગ છાંટકર એક પુસ્તિકા બનાઈ. અપને યહાં બની હૈ, ઉસકા નામ રખા હૈ – 'ધન્ય મુનિદશા !'

પ્રશ્ન :– ભગવાન ભાવલિંગી મુનિરાજ કા ઐસા સ્વરૂપ હૈ ઉસકા મૂલ કારણ ક્યા ?

સમાધાન :– ઉસકા મૂલ હૈ અપના મૂલ સ્વરૂપ. અપના પરમાત્મપદ હૈ ઉસે લિપટકર બૈઠ ગયે હૈં. ઐસા પરિપૂર્ણ વીતરાગ સ્વરૂપ, પરમાત્મપદ, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ, પૂર્ણ સુખ (આદિ) બેહદ સ્વભાવ કા ઐસા ઘનિષ્ટ પદાર્થ હૈ કિ જિસકી તાકત કા કોઈ માપ નહીં હૈ. ઉપયોગ જાતે હી ઉપયોગ જિસમેં થંભ જાતા હૈ ! ઐસા કોઈ વિશેષ સ્વભાવ હૈ કિ ઉપયોગ જાતે હી ઉપયોગ જિસમેં થંભ જાતા હૈ !! યહ ઇસકા મૂલ હૈ.

મુમુક્ષુ :– ભવ દશા સે મોક્ષ દશા અચ્છી હૈ.

પૂજ્ય ભાઈશ્રી :– અચ્છી હૈ વહ તો દોનોં કી અપેક્ષા મેં, આપસ-આપસ કી અપેક્ષા મેં (અચ્છી કહતે હૈં). લેકિન અવસ્થા કી ઉપેક્ષા ઔર અપને સ્વરૂપ કી અપેક્ષા મેં દોનોં સમાન હૈં. જૈસે પુણ્ય ઔર પાપ. પાપ સે તો પુણ્ય અચ્છા હી હૈ, મામૂલી આદમી ભી જાનતા હૈ. અગર મામૂલી આદમી ઇતના જાનતા હૈ કિ, પાપ સે પુણ્ય અચ્છા હૈ તો તત્ત્વજ્ઞાની નહીં જાનતા ક્યા

? તો તત્ત્વજ્ઞાની તો યહ કહતે હૈં, તત્ત્વરસિક વિરલ જીવ તો ઐસા કહતે હૈં કિ, દોનોં સમાન હૈં. જબ યે દોનોં સમાન હૈં ઇસકા કહને કા મતલબ ક્યા હૈ કિ, ઇસસે કોઈ ભિન્ન અવસ્થા હૈ. સમભાવરૂપ (દશા હૈ) ઇસમેં યે દોનોં સમાન હૈં. ઇસ સમભાવ અવસ્થા કો નિર્દ્વંદ્વ અવસ્થા કહી હૈ. જો કહીં દોપના નહીં કરતી. રાગ-દ્વેષ નહીં કરતી, ઇષ્ટ-અનિષ્ટ નહીં કરતી. તો કહાં તક ઇષ્ટ-અનિષ્ટ નહીં કરતે ? કિ, પુણ્ય-પાપ મેં તો ઇષ્ટ-અનિષ્ટ નહીં કરતે, ઇનકે ફલરૂપ અનુકૂલતા-પ્રતિકૂલતા મેં ઇષ્ટ-અનિષ્ટ નહીં કરતે, લેકિન વર્તમાન ભવ-મોક્ષ મેં ભી ઇષ્ટ-અનિષ્ટ નહીં કરતે.

'સોગાનીજી' ને તો વહાં તક લિખા કિ, અવસ્થા મેં નિગોદ કે ભવ હો યા સિદ્ધ પદ કી વ્યક્તદશા હો, મુઝે ક્યા ? મૈં તો જો હૂં સો હૂં, જૈસા હૂં વૈસા હૂં. બસ ! મૈં મેરે સ્વરૂપમેં સે બિલકુલ વિચલિત હુઆ હી નહીં. અસ્ખલિત સ્વભાવ મેં અસ્ખલિતરૂપ રહતા હૂં. યહી મેરા સ્વસ્થાન હૈ, યહી મેરા સ્વરૂપ હૈ, યહી મેરી દૃષ્ટિ કા વિષય હૈ, યહી મેરે જ્ઞાન કા વિષય હૈ, યહી મેરે ચારિત્ર કા – રમણતા કા વિષય હૈ. મેરે સભી ગુણોં કે પરિણમન કા યહી વિષય હૈ. ઇસમેં સભી પ્રકાર કી અવસ્થા ગૌણ હૈં. યે ગૌણ હૈં યહ બતાને કે લિયે ગૌણતા મેં વિષમતા નહીં હોતી. જિસકી ગૌણતા હોતી હૈ ઉસકી વિષમતા નહીં હોતી.

પ્રશ્ન :– આહાર મિલે અથવા કમ મિલે ઉસમેં મુનિરાજ કો ક્યા ફાયદા હૈ ?

સમાધાન :– ન ફાયદા હૈ, ન નુકસાન હૈ. આહાર મિલને સે ન કોઈ ફાયદા હૈ, નહીં મિલને સે કોઈ નુકસાન નહીં હૈ. વે અપની આત્મા કો અનઆહારક સ્વભાવી જાનતે હૈં, માનતે હૈં ઔર ઉસીમેં રમણતા કરતે હૈં. ફિર ભી પરિપૂર્ણ વીતરાગ દશા નહીં હોને સે બાહ્ય ચારિત્ર ઔર બાહ્ય સંયમવહન કે હેતુ, ચારિત્રવહન કે હેતુ, સંયમ કે પાલન હેતુ થોડા આહાર કા વિકલ્પ ઉઠતા હૈ, વહ ભી સંજ્વલન કષાયરૂપ મંદ ભાવ હૈ. અગર છયાલીસ દોષમેં સે એક દોષ કા પતા ચલ જાયે તો ઉસકા યહ જો વિકલ્પ હૈ વહ શાંત હો જાતા હૈ. યહ વિકલ્પ સિદ્ધ નહીં હોતા ઇસલિયે વે અશાંત નહીં હોતે. આહાર કા વિકલ્પ સિદ્ધ નહીં હુઆ, વિકલ્પ અનુસાર પ્રક્રિયા નહીં હુઈ તો વે અશાંત નહીં હોતે. વે અધિક શાંત હો જાતે હૈં. કભી-કભી તો દિન પર દિન, દિન પર દિન (બીત જાતે હૈં લેકિન આહાર કા યોગ નહીં બનતા).

ભગવાન 'ઋષભદેવસ્વામી' છઃ મહીને તક લગાતાર નગર મેં આતે રહે (ફિર ભી આહાર કા યોગ નહીં હુઆ તો) એક દિન ભી ઉનકો દ્વેષ નહીં આયા. એક ક્રોડાક્રોડી પૂર્વ કે પહલે કે ઇતિહાસ કો બરાબર કહ સકતે હૈં કિ, એક દિન ભી વહાં ઉનકો દ્વેષ નહીં આયા થા. છઃ મહીને તક નગર મેં આયે, વાપસ ગયે (ઔર અપને) જ્ઞાન-ધ્યાન મેં લીન હો ગયે. છઃ છઃ મહીને તક ! એક દિન ભી અશાંત નહીં હુએ. અશાંત હોવે તો મુનિદશા નહીં રહતી. કષાય બઢ જાતા હૈ. (લેકિન ઇતના કષાય) મુનિદશા મેં નહીં બઢે. અપને આહાર કે વિષય મેં ઇતના કષાય નહીં બઢે, ફિર દૂસરે વિષય મેં કષાય કૈસે બઢે ? રજોણા લેકર મારે વહ બાત હમારે અંદર નહીં હૈ. અભી તો ગડબડ યહાં તક (ચલતી) હૈ. અપના આહાર છૂટ જાવે (તો) કોઈ સવાલ નહીં. આનંદ કા આહાર લેને લગ જાતે હૈં. આનંદ-અમૃત કા ભોજન લેતે હૈં ઔર ઉસ ભોજન મેં અપની આત્મા તૃપ્ત તૃપ્ત હો જાતી હૈ. અત્યંત તૃપ્ત હો જાતે હૈં. યહ હુઈ મુનિ ભગવાન કી ભક્તિ કી બાત ! યહ ભક્તિ કા વિષય હૈ.

## દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ પત્રાંક-૨૮ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું પ્રવચન તા. ૫-૦૮-૧૯૯૧

''**...પરિણામ શુભ હૈં, અશુભ હૈં, ઇનમેં કિતના પુરુષાર્થ ભી સહજ લગ જાતા હૈ,...**'' હવે પોતાની વાત કરે છે. પરિણામ શુભ પણ છે, અશુભ પણ છે અને કેટલોક પુરુષાર્થ એમાં પણ લાગે છે. એમાં પણ બે ભાગ છે. જેમ ચારિત્રમાં બે ભાગ છે એમ પુરુષાર્થમાં પણ બે ભાગ છે. એટલે (પુરુષાર્થ) વહેંચાઈને ત્યાં - શુભ-અશુભમાં જાય છે. ''**...ઇનમેં કિતના પુરુષાર્થ ભી સહજ લગ જાતા હૈ આદિ ધ્રુવકી એકતા સહિતકે જ્ઞાનમેં આતા રહતા હૈ.**'' મારા જ્ઞાનમાં આવે છે પણ કેવું છે જ્ઞાન ? ધ્રુવ સાથે એકત્વવાળુ જે જ્ઞાન છે, એ જ્ઞાનમાં આ બધું મને સમજાય છે. કેટલો પુરુષાર્થ વહેંચાય છે, શુભ વિકલ્પ આવે છે, અશુભ વિકલ્પ આવે છે, એ બધું જ્ઞાનમાં આવે છે; પણ ધ્રુવની એકતાવાળા જ્ઞાનમાં, એને છોડીને નહીં. એમાં એકાકાર રહીને (બાકી બધાંનું જ્ઞાન થાય છે). ''**...(ઇનમેં કિતના પુરુષાર્થ ભી સહજ લગ જાતા હૈ) આદિ ધ્રુવકી એકતા સહિતકે જ્ઞાનમેં આતા રહતા હૈ. શ્રદ્ધાકી અખંડ એકતાકે સાથ હી ચારિત્રકી અખંડતા ભી ધ્રુવ કે સાથ હો જાયે, યહ હી લક્ષ્ય હૈ;...**'' જુઓ ! પરિણામ અપેક્ષાએ શું લક્ષ છે ? કે જેમ શ્રદ્ધા પૂરેપૂરી (સ્વરૂપ સાથે) અખંડ એકપણે થઈ ગઈ છે, એમ ચારિત્રમાં પણ – સ્થિરતામાં પણ અખંડ એક ધ્રુવની સાથે પૂરેપૂરું ચારિત્ર પ્રગટ થઈ જાય, પૂર્ણ દશા (પ્રગટ) થઈ જાય, એ લક્ષમાં છે. આ પણ એક લક્ષ છે.

''**...યહ હી લક્ષ્ય હૈ; વ યથાર્થ શ્રદ્ધાકે સાથ ઐસા હી હોગા,...**'' (અર્થાત્) જે ત્રિકાળીની શ્રદ્ધા છે એમાં તો એમ જ થવાનું છે, પૂર્ણતા છે એ પણ થઈ જવાની છે. ''**...યહ હી નિયમ હૈ.**'' એટલે મોક્ષદશા પ્રગટ થઈ જશે, એની પ્રતીતિ છે, એવો પણ એક નિયમ છે. ''**ઇસકે હુએ બિના, માત્ર ઐસા હુએ બિના, જીવકો ચૈન નહીં.**'' (એટલે કે) મને ચેન નહીં પડે. જ્યાં સુધી મારી પૂર્ણ



દશા નહીં થાય ત્યાં સુધી મારો પુરુષાર્થ અટકવાનો નથી અને ક્યાંય બીજે ચેન પડે ને અટકી જવાય એવું બનવાનું નથી. બહુ ચોખ્ખું લખ્યું છે. પોતાની દશાની વાત બહુ સ્પષ્ટ લખી છે. જો એમને પોતાની દશાની વાત આવી ચોખ્ખી લખી હોવાં છતાં એ દશા એમ નથી, એમ ગુરુદેવના જ્ઞાનમાં આવ્યું હોત તો, આ પુસ્તક પ્રગટ કરવાની ફરીને હા પાડત નહીં. ફરીને પ્રગટ કર્યું છે, એમની આજ્ઞા લઈને પ્રગટ કર્યું છે. પહેલી વખત એમની આજ્ઞા લઈને (પ્રગટ) કર્યું પણ એમણે વાંચ્યું નહોતું. વાંચવા માટે પ્રયત્ન કર્યો પણ એવો યોગ ન બેઠો. પોતે ના પાડી. પછી વાંચ્યું. ફરી પાછો એનો ગુજરાતી અનુવાદ કર્યો અને ફરી પાછું પ્રકાશિત કર્યું. તેમ, આ વાત એમણે લખી છે પણ એમની દશા નથી અને લખી છે, એવો પણ ક્યારેય ઉલ્લેખ કર્યો નથી. સ્પષ્ટ જ્ઞાનદશાનો ચિતાર છે. એમને જ્ઞાનદશા નથી, એમ (ગુરુદેવે) નથી કહ્યું. ઉલટાનું એમ કહ્યું, ઘણો પુરુષાર્થ ! ઝડપ કરશે !

મુમુક્ષુ :- આ પુસ્તકને શાસ્ત્ર પણ કહ્યું છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, શાસ્ત્ર પણ કીધું છે. પાંચ વર્ષ પછી એ પ્રસંગ બન્યો. ૨૩ ની સાલમાં પહેલું પ્રકાશન કર્યું, પછી ૨૮ ની સાલમાં (પ્રકાશન કર્યું).

૫૦૦ પુસ્તક ત્રીજા ભાગના બાઈંડીંગવાળા અપાઈ ગયા. (સામાજીક) ઉહાપોહ થયો એટલે બાકીની બાઈંડીંગ ન કરવાની વાત પહેલેથી નક્કી થઈ હતી, એટલે એ પાના એમ ને એમ રાખી મૂક્યાં હતાં. પણ અમે પાના (છૂટા) રાખવાને બદલે ત્રીજો ભાગ છૂટો બંધાવી અને કબાટ ભરી દીધાં. પુસ્તકો સાચવી રાખ્યા. પાંચ વર્ષે ગુરુદેવને ખ્યાલમાં આવ્યું (કે) આ પુસ્તકો અપાઈ ગયા છે પણ આટલા તો નહોતાં, બીજા હતાં તેનું શું કર્યું આ લોકોએ ? એટલે સામે ચાલીને પૂછ્યું કે, તે દિવસે આ ત્રીજા ભાગના પાના છૂટા રાખવાની વાત થઈ હતી તો શું કર્યું હતું ? એટલે મેં કહ્યું '(પાના) છૂટા નથી રાખ્યા, પણ તેનું પણ–ત્રીજા ભાગનું છૂટું પુસ્તક બંધાવીને કબાટમાં મૂકી રાખ્યા છે. હવે પાંચ વર્ષ થયા એટલે પાના પીળા પડવાં મંડ્યા છે.' (કાગળ) વાપરો કે ન વાપરો કાગળમાં ફેર તો પડવાનો જ છે. એ તો પરિણમન બદલવાનું જ છે. (આમ સાંભળ્યું ત્યારે કહ્યું કે), 'હેં ! પાના પીળા પડી જાય, બરાબર છે, આ તો કાગળ છે. આ તો શાસ્ત્ર છે ! અશાતના થઈ જશે !' શું બોલ્યા ? ચર્ચાના વિભાગને શાસ્ત્ર કહ્યું !! કેમકે જ્ઞાનીના વચન છે ને ! (એ તો) શાસ્ત્ર કહેવાય, અશાતના થઈ જશે ! (પછી કહ્યું) 'એમ કરો હવે, આપણે છૂટથી આપો ! જ્યારે લઈ આવો તો બ્રહ્મચારી બહેનોને બધાંને દઈ દઈએ.' એટલે પછી છૂટથી આપવા લાગ્યા. એ ૧૬૦૦ પુસ્તક બહુ ઝડપથી અપાઈ ગયા. ૫૦૦ પુસ્તક આપતા પાંચ વર્ષ લાગ્યા ! અને એ ૧૬૦૦ પુસ્તક તો બહુ ઝડપથી અપાઈ ગયા. તે 'દિ (શરૂઆતમાં) તો ગુરુદેવની રૂમમાં ૨૫-૨૫, ૫૦-૫૦ (પુસ્તકો) મૂકતાં હતાં, પછી ૨૦૦-૨૦૦ મૂકતાં હતાં ! એ ૨૦૦ ખલાસ થાય એટલે બીજા ૨૦૦ મૂકી દઈએ. ૨૧૦૦ પુસ્તકો પોતાના હાથે આપ્યા ! અમે કોઈને એક નકલ આપી નથી. (જેને-જેને પહેલા) આપી હતી તે પણ મંગાવી લીધી. એ ઉહાપોહ દરમ્યાન કોઈને વાંચવા આપી હતી તે પણ પાછી મંગાવી લીધી. (કેમકે) ગુરુદેવે કહ્યું છે કે, હું મારા હાથે આપીશ એટલે પછી આપણે બહારમાં પણ ચુસ્ત રહેવાનું. ભલે ગુરુદેવને ખબર નથી કે, મેં તમને આપી છે, એ કાંઈ ગણવાના નથી કે ૫૦૦ માં બે ઓછી છે. કોઈ નજીકના પરિચયવાળા હોય એને આપેલી પણ પાછી માંગી લીધી. કોઈક મુમુક્ષુઓએ હાથે લખી લીધેલી અને ગુરુદેવશ્રીને ખબર પડી તો ગુરુદેવે પ્રશંસા કરી હતી.

આ પુસ્તક વાંચ્યા પછી તો બહુ જ બોલતાં. પ્રકાશન પહેલા આ પુસ્તક જેવું આપ્યું (એવી) બહુ પ્રશંસા કરી હતી. એમાંથી જ થોડો વિરોધ થયો હતો. એટલે અત્યારે કાળ એવો છે કે, કોઈની પણ પ્રશંસા વધારે થાય તો થોડી વિપરીતતા થઈ જાય છે.

મુમુક્ષુ :- અપરિણામી શબ્દનો બહુ વિરોધ થયો હતો.

પૂજ્ય ભાઈશ્રી :- હા, અપરિણામીનો ઘણો વિરોધ થયો હતો. અમસ્તુ પણ 'નિશ્ચયાભાસી છે, નિશ્ચયાભાસી છે', એવું બધું ચાલવા લાગેલું. વધારે વિરોધની શરૂઆત 'અનાયતન' (શબ્દથી) થઈ હતી. 'સાચા દેવ, ગુરુ, શાસ્ત્ર પણ નિશ્ચયથી અનાયતન છે' એમાં (લોકો) બહુ ભડક્યા.

મુમુક્ષુ :- ગુરુદેવે બધી સ્પષ્ટતા કરી છે.

પૂજ્ય ભાઈશ્રી :- બધાં ભડક્યા ખરા પણ ગુરુદેવે એમ જ જવાબ આપ્યો કે, પરમ સત્ય છે !! આ શબ્દ (કહેતા હતા). પરમ સત્ય છે !! એટલા શબ્દો ગુરુદેવે કાઢ્યા. ગુરુદેવની ઉપસ્થિતિમાં વિરોધવાળા બોલવા માંડ્યા પણ ગુરુદેવે એમ બોલ્યા કે, પરમ સત્ય છે !! પણ કોઈ સાંભળે નહિ ગુરુદેવનું !!! આ પ્રસંગ જ્યારે બન્યો ને ત્યારે હું આશ્ચર્યમાં ડૂબી ગયો !! કે, અરે...! ગુરુદેવ આમ કહે અને એની સામે પણ વિરોધ !!! આ તો આપણને ન સમજાય એવી વાત છે. આ બધી ભક્તિ કેવી !!(?) એક બાજુથી ચરણસ્પર્શ કરે છે ને બીજી બાજુથી એમના અભિપ્રાયથી વિરૂદ્ધ વાત કરે છે !! આ તો કેવું ચાલે છે ? ગુરુદેવે ખાનગીમાં તો મને બહુ કહ્યું હતું, ઘણુ કહ્યું પણ બહાર બોલાય નહિ. એવી ઘણી વાતો છે કે બહાર ન બોલાય. વ્યક્તિગત વાતો ન બોલાય. વીણી-વીણીને કીધું કે, આ આમ કહે છે, આ આમ કહે છે, ફલાણો આમ બોલે છે,

ફલાણો નિશ્ચયાભાસી બોલે છે, ફલાણો આમ બોલે છે ! નામ દઈને વાત કરી છે. (એમ) કહ્યું, શું કરીએ શશીભાઈ ? ૩૦-૩૦ વર્ષથી સામે બેસીને સાંભળે છે !! (તો પણ) બેસતું નથી !! શું કરવું ? એ દિવસે ૩૦ વર્ષ બોલ્યા હતા. ૩૦ વર્ષથી સામે બેસીને સાંભળનારાને આ નથી બેસતું !! (નહિતર) એમને તો ધન્ય છે ને એક વ્યાખ્યાનમાંથી પત્તો લઈ લીધો ! પાતાળ ફોડી નાખ્યું !! ૩૦ વર્ષથી જેને પત્તો ન ખાધો, એ એક વ્યાખ્યાનમાં (પત્તો લઈ લીધો). ગજબ કામ કર્યું છે !!

(અહીંયા શું કહે છે) ? **''અન્ય તરફકે રાગમેં નિરંતર રસ નહીં, ચાહે ક્ષણિક રસ દિખાઈ ભી દે.''** જુઓ ! ક્ષણિક રસ છે, એમ કહ્યું. નિરંતર રસ નથી (પણ) ક્ષણિક રસ છે. **''શુભ નિમિત્તોંકે સંગમેં અધિક મંદ કષાયાદિક હોનેસે સ્થિરતા ભી અધિક વ શીઘ્ર હોતી રહતી હૈ,...''** કેમકે ત્યાં મલિનતા ઘટે છે ને ! (એટલે) રસ પાતળો પડે છે. અશુભમાં તીવ્ર મલિનતા છે, આમાં (શુભમાં) મંદ મલિનતા છે. **''યહ ભી જ્ઞાનમેં હૈ;...''** (અર્થાત્) એ ખ્યાલમાં છે. **''પરંતુ મુખ્ય સંગ તો નિર્બાધ અપરાધીન ચેતનકા હી હૈ,...''** અપરાધીન એટલે અપરાધ નહિ (પણ) પરાધીન નહીં તે - સ્વતંત્ર. **'પરંતુ મુખ્ય સંગ તો નિર્બાધ અપરાધીન ચેતનકા હી હૈ,...''** મારું ચૈતન્ય સ્વતંત્ર છે એનો મુખ્ય સંગ મને વર્તે છે, બીજો કોઈ મુખ્ય સંગ મને વર્તતો નથી. **''અન્ય સંગ તો ઉદયાધીન હૈ.''** (અર્થાત્) એ કાંઈ મારે મુખ્ય નથી. ઉદયાધીન જે સંગ છે એ કાંઈ મારે મુખ્ય નથી. મુખ્ય સંગ તો મારા સ્વરૂપનો છે. **''અધિક લિખનેમેં સાર નહીં. ઉધર આનેકે વિકલ્પ ભી બહુબાર ઉઠતે હૈં પર અધિક જોર નહીં ખાતે.''** વિકલ્પ તો ઘણીવાર આવે છે, પણ એટલું જોર ખાઈને વિકલ્પ આવતો નથી.

**''આપકે પત્રોંકે માત્ર ઉધર આને બાબત લિખે હોનેકા, અતઃ ક્યા જવાબ દૂં ?''** (અર્થાત્) તમે તો એક જ વાત લખો છો કે, અહીંયા આવો, અહીંયા આવો ! પણ આનો શું જવાબ તમને વારંવાર આપું ? **''મેરી ઐસી સ્થિતિમેં આપ વહાંકે રોજાના યા હફ્તેકે ખાસ-ખાસ ગુરુદેવશ્રીકે ન્યાય આદિ લિખો તો અધિક પ્રિય લગેંગે.''** (એટલે કે) અઠવાડિયામાં કે કોઈ દિવસ ગુરુદેવના વ્યાખ્યાનમાં કોઈ વિશેષ વાત આવી હોય (અને) એ લખો તો વધારે સારું. ગુરુદેવની વાત લખો ને ! મને એ પ્રસંગ વધારે પ્રિય લાગશે. **''આના તો હોગા જબ હોગા, શાયદ જલ્દી આ ભી જાઉં, ઐસા યોગ ભી દિખતા તો હૈ.''** એવો યોગ પણ દેખાય છે કે, કદાચ જલ્દી આવવાનું પણ થાય. ૧૯૬૨ની સાલમાં થોડી અનુકૂળતામાં (આવ્યાં હતા). પછી દર વર્ષે આવતાં હતાં. થોડી ધંધાની લાઈન બેસેલી હતી એટલે વર્ષમાં એકાદ વખત પણ આવી શકતા હતાં.

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (જૂન-૨૦૧૧નું) શુલ્ક શ્રી નૈશા ભાવીનભાઈ સાવલા, (મુંબઈ)ના નામથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**

પોતાના સ્વરૂપનો ટેકો લીધા વગર રહેતો જ નથી. તે પોતાના સ્વભાવને ગ્રહણ કરી જ લે છે. માટે યથાર્થ જે મૂંઝાયેલો હોય અને યથાર્થ જિજ્ઞાસા જાગે તો તે સ્વભાવનો ટેકો અંતરમાંથી લીધા વગર રહેતો જ નથી, સ્વભાવને ઓળખી જ લ્યે છે. **(સ્વાનુભૂતિદર્શન-૨૨૦)**

❋

**પ્રશ્ન** :– કાલે વાત થઈ હતી કે ભાવના–ભાવનામાં ઘણો ફેર હોય છે. એક ભાવના એવી કે અંતર ભેદી નાખે ?

સમાધાન :– ભાવના એવી ઉગ્ર હોય કે અંતરમાં ભેદજ્ઞાન થાય ત્યારે જ છૂટકો થાય. મંદ-મંદ ભાવના કે ઉપર ઉપરથી ભાવના કે મંદ-મંદ પુરુષાર્થ કર્યા કરે એ ઉગ્ર ભાવના નહિ. આ તો અંતરને ભેદી નાખે-અંતરમાંથી ભેદજ્ઞાન કરી નાખે, એવી ભાવના કોઈ જુદી જ હોય છે. અંદરથી ચૈતન્યના માર્ગે ચાલતાં તેને શુદ્ધ પરિણતિ પ્રગટ થાય છે, અને વિભાવ પરિણતિ જુદી પડી જાય છે. અલ્પ વિભાવ પરિણતિ અધૂરાશને લઈને થાય છે, પણ તે ભેદજ્ઞાન કરે છે કે હું તો ચૈતન્ય છું, આ વિભાવ મારો નથી. આ રીતે અંતરને ભેદી નાખીને ચૈતન્ય તરફ તેની પરિણતિ દોડી જાય છે અને પોતાના સ્વભાવને ગ્રહણ કરી લે છે. **(સ્વાનુભૂતિદર્શન-૨૨૧)**

❋

**પ્રશ્ન** :– આપ કહો છો ને કે ભલે ઉપર ઉપરથી કર, પણ ગમે તેમ કરીને તે રસ્તે જા !

સમાધાન :– હા, તે રસ્તે જા. અંતરમાં તારું લક્ષ અને ભાવના એમ રાખ કે ઊંડાણમાં જવા જેવું છે. કરવાનું ઊંડાણમાં (જ્ઞાયકમાં) છે પણ મારામાં હજી ઘણી અધૂરાશ છે એમ નક્કી કરીને ઊંડાણનું લક્ષ કરવાનો પ્રયત્ન કર. ઉપર ઉપરથી થાય તેને છોડી ન જ દેવું, કારણ કે અમે તને અશુભમાં આવવાનું નથી કહેતા, અને શુભમાં રોકાવાનું પણ નથી કહેતા. તને તીસરી ભૂમિકામાં જવાનું કહીએ છીએ, અમે ઊંચે-ઊંચે જવાનું કહીએ છીએ ત્યાં તું નીચે ક્યાં પડતો જાય છે ! એમ આચાર્યદેવ કહે છે. અમારો કહેવાનો આશય એ છે કે તું તીસરી-શુદ્ધ સ્વભાવની-ભૂમિકા પ્રગટ કર. શુભ તો વચ્ચે આવે છે, પણ તે તારો સ્વભાવ નથી. શુભ અને અશુભ સરખી કોટિના છે એમ તું સમજ અને જે આત્માની તીસરી ભૂમિકા અમૃતકુંભ છે તેને ગ્રહણ કર. માટે ઊંચે જવાનું કહીએ છીએ, પણ તેથી તને ઉપર-ઉપરથી ભાવના આવે તે છોડી દેવાનું નથી કહેતા. જો ઊંડી ભાવના પ્રગટ કરી શુદ્ધસ્વભાવમાં જઈ શકાય તો તેને તું પ્રગટ કર. પણ ન જઈ શકે તો તેને છોડીને અશુભમાં જવાનું કહેતા નથી, ઉપર-ઉપરની ભાવના કાંઈ કામની નથી એમ કરીને છોડવાની નથી, પણ તું ઊંચી પરિણતિને પ્રગટ કર એમ કહેવાનો આશય છે.

ભગવાનના મંદિરે દર્શન કરવા માટે ટહેલ મારતાં ભગવાનનાં દ્વાર ન ખૂલે તો થાકીને પાછો નહિ આવતો, ભગવાનનાં દ્વાર ખૂલી જશે. તું ટહેલ મારવી છોડતો નહિ. તેમ ચૈતન્ય મંદિરે તું ટહેલ માર કે હું ચૈતન્ય છું. પ્રથમ ઉપર-ઉપરથી તને સમજાય તે છોડતો નહિ. તને ચૈતન્ય ન ઓળખાય ત્યાં સુધી ત્યાં ટહેલ માર્યા જ કરજે, લક્ષ રાખજે કે મારે હજુ ઘણું આગળ જવાનું છે. તારો પુરુષાર્થ ઊપડતાં ચૈતન્યમંદિર ખૂલવાનો તને અવકાશ છે. દૂર જઈશ તો ઊલટો તુ આઘો જઈશ દૃષ્ટિ બરાબર રાખજે કે હજી મારે અંદર જવાનું છે. ઉપર–ઉપરની ભાવનાથી કાંઈ પ્રગટ નથી થતું; પણ અંદરની ભાવના પ્રગટ કરવા માટે તું સમજજે કે આ ઉપર-ઉપરનું છે, હજી અંદરનું કરવાનું મારે બાકી છે, એમ યથાર્થ સમજે તો આગળ જઈ શકાશે. જ્ઞાયક છું-જ્ઞાયક છું એમ ઉપર-ઉપરથી થાય તો પણ અંતરમાં જવું છે તે ભાવના તું છોડીશ નહિ, તે છોડવાનું નથી કહેતા. અંદરની ભાવના એવી હોય છે કે ભેદજ્ઞાન થાય અને અંતરને ભેદી નાંખે. ચૈતન્યમંદિરનાં બારણાં ખૂલીને ચૈતન્ય ભગવાન પ્રગટ થાય એ ભાવના જુદી જ આવે છે. પણ તું ઉપર ઉપરની ભાવના દૃઢ કરતો જજે – તો કોઈવાર તારો ઉગ્ર પુરુષાર્થ થશે તો અંદર જવાશે. દૃષ્ટિ શુદ્ધ ઉપર રાખજે.

**(સ્વાનુભૂતિદર્શન-૨૨૨)**

❋

# પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા

પ્રશ્ન :– થવાનું હોય તેમ ક્રમસર થાય છે તેથી નવો પુરુષાર્થ કરવાની શી જરૂર છે ?

સમાધાન :– જે થવાનું હોય તેમ થાય એમ એકાંત નથી, તેમાં સ્વભાવ-કાળ-પુરુષાર્થ બધું સાથે હોય છે. તેમાં પુરુષાર્થનું કારણ મુખ્ય છે. જે પર્યાય પ્રગટવાની હોય તે પ્રગટે, પણ તેમાં પુરુષાર્થ સાથે હોય છે. પુરુષાર્થ વગર કોઈ પર્યાય પ્રગટ થાય તેમ નથી હોતું. સ્વભાવ-કાળ-પુરુષાર્થ-દેશનાલબ્ધિ બધું સાથે હોય છે.

**(સ્વાનુભૂતિદર્શન-૨૧૬)**

પ્રશ્ન :– ભાવના અને ધારણામાં શું ફેર ?

સમાધાન :– ધારણામાં તો ગોખી રાખ્યું છે અને ભાવના તો અંતરમાં પોતે ભાવપૂર્વક કરે છે. ભાવના ભાવનામાં પણ ફેર હોય છે. ભાવના કર્યા કરે કે હું ત્રિકાળી શુદ્ધ છું, પણ પોતાના અંતરમાંથી આવેલી ભાવના હોય તે જુદી હોય છે. હું ત્રિકાળ શુદ્ધ છું શુદ્ધ છું તેમ (ઉપલક) ભાવના અને ઊંડી જે અંતર્ગત ભાવના તે જુદી હોય છે. ધારણામાં તો ગોખ્યા કરે છે.

**(સ્વાનુભૂતિદર્શન-૨૧૭)**

પ્રશ્ન :– વારંવાર એ જ જાતના વિચાર ચાલે તે ભાવના કહેવાય ?

સમાધાન :– વિચારો ચાલે તે નહિ, પણ અંતરમાંથી–ઊંડાણમાંથી એમ થવું જોઈએ તે ભાવના છે. માત્ર ગોખ્યા કરે ને એકલા વિકલ્પ કર્યા કરે કે હું ત્રિકાળ શુદ્ધ-શુદ્ધ તેમ નહિ. ભાવનામાં વિચાર તો આવે, છતાં પણ અંદરમાં પોતાને હૃદય ભેદીને કાંઈક આવવું જોઈએ. ભાવના એટલે ઊંડાણમાંથી આવવું જોઈએ કે આ વિભાવ મારે કાંઈ જોઈતો નથી. હું ત્રિકાળ શુદ્ધ આત્મા છું, સ્વયંસિદ્ધ જ્ઞાયક છું. એમ અંતરથી, ઊંડાણમાં હૃદય ભેદીને આવવું જોઈએ. **(સ્વાનુભૂતિદર્શન-૨૧૮)**



પ્રશ્ન :– જ્ઞાનમાં સમજાય છે પણ વિશ્વાસ આવતો નથી ?

સમાધાન :– જ્ઞાનમાં સમજાય, પણ પ્રતીતિ એવી યથાર્થ થવી જોઈએ કે આ જ્ઞાયક તે જ હું છું, બીજો હું નથી. એવી દૃઢ શ્રદ્ધા-દૃષ્ટિ પોતા ઉપર સ્થપાવી જોઈએ. પછી ગમે તે ભાવો આવે તો પણ હું ચૈતન્ય જ છું એવું અંતરમાંથી થાય. ગોખવારૂપ થાય છે તે જુદી વાત છે, અંતરમાંથી દૃઢ વિશ્વાસ આવવો જોઈએ. યથાર્થ પ્રતીતિ થાય તેને યથાર્થ પુરુષાર્થ થયા વગર રહેતો નથી.

**(સ્વાનુભૂતિદર્શન-૨૧૯)**

પ્રશ્ન :– વચનામૃતમાં આવે છે કે મૂંઝવણમાંથી માર્ગ મળે. તે કેવી રીતે ?

સમાધાન :– મૂંઝવણ યથાર્થ થાય તો તેને માર્ગ મળ્યા વગર રહે જ નહિ એવું વસ્તુનું સ્વરૂપ છે. મૂંઝાયેલો મૂંઝવણમાં ટકી જ ન શકે. આ વિકલ્પની જાળમાં ગૂંચવાયેલો-મૂંઝાયેલો કે જેને શાંતિ નથી, અશાંતિ છે તે એક ક્ષણવાર પણ તેમાં ટકી શકતો નથી. જેને યથાર્થ મૂંઝવણ અંદરથી થાય કે આ વિકલ્પ હવે જોતા જ નથી તો તેમાં ટકી જ શકે નહિ અને પોતા તરફ તેની પરિણતિ વળ્યા વગર રહે જ નહિ – અર્થાત્ જ્ઞાયકને ઓળખ્યા વગર રહે જ નહિ, જ્ઞાયકનું શરણ લીધા વગર રહે જ નહિ, જેમ ખરેખર મૂંઝાયેલો માણસ ગમે તેનો ટેકો લેવા જાય છે, તેમ અંદરથી મૂંઝાયેલો

**(શેષ અંશ પૃષ્ઠ સંખ્યા–૧૮ ઉપર)**




**૫૭૩**

મુંબઈ, ફાગણ વદ ૧૧, શુક્ર, ૧૯૫૧

જન્મ, જરા, મરણાદિ દુઃખે કરી સમસ્ત સંસાર અશરણ છે. સર્વ પ્રકારે જેણે તે સંસારની આસ્થા તજી તે જ આત્મસ્વભાવને પામ્યા છે, અને નિર્ભય થયા છે. વિચાર વિના તે સ્થિતિ જીવને પ્રાપ્ત થઈ શકતી નથી, અને સંગના મોહે પરાધીન એવા આ જીવને વિચાર પ્રાપ્ત થવો દુર્લભ છે.

(આ. સ્વ. પ્રણામ.)

**૫૭૪**

મુંબઈ, ફાગણ, ૧૯૫૧

બનતાં સુધી તૃષ્ણા ઓછી કરવી જોઈએ. જન્મ, જરા, મરણ, કોનાં છે ? કે જે તૃષ્ણા રાખે છે તેનાં જન્મ, જરા, મરણ છે. માટે જેમ બને તેમ તૃષ્ણા ઓછી કરતા જવું.

**૫૭૫**

મુંબઈ, ફાગણ, ૧૯૫૧

જેમ છે તેમ નિજ સ્વરૂપ સંપૂર્ણ પ્રકાશે ત્યાં સુધી નિજ સ્વરૂપના નિદિધ્યાસનમાં સ્થિર રહેવાને જ્ઞાનીપુરુષનાં વચનો આધારભૂત છે, એમ પરમ પુરુષ શ્રી તીર્થંકરે કહ્યું છે, તે સત્ય છે. બારમે ગુણસ્થાનકે વર્તતા આત્માને નિદિધ્યાસનરૂપ ધ્યાનમાં શ્રુતજ્ઞાન એટલે મુખ્ય એવાં જ્ઞાનીનાં વચનોનો આશય ત્યાં આધારભૂત છે, એવું પ્રમાણ જિનમાર્ગને વિષે વારંવાર કહ્યું છે. બોધબીજની પ્રાપ્તિ થયે, નિર્વાણમાર્ગની યથાર્થ પ્રતીતિ થયે પણ તે માર્ગમાં યથાસ્થિત સ્થિતિ થવાને અર્થે જ્ઞાનીપુરુષનો આશ્રય મુખ્ય સાધન છે; અને તે ઠેઠ પૂર્ણ દશા થતાં સુધી છે; નહીં તો જીવને પતિત થવાનો ભય છે, એમ માન્યું છે, તો પછી પોતાની મેળે અનાદિથી ભ્રાંત એવા જીવને સદ્‌ગુરુના યોગ વિના નિજસ્વરૂપનું ભાન થવું અશક્ય છે, એમાં સંશય કેમ હોય ? નિજસ્વરૂપનો દૃઢ નિશ્ચય વર્તે છે તેવા પુરુષને પ્રત્યક્ષ જગદ્‌વ્યવહાર વારંવાર ચૂકવી દે એવા પ્રસંગ પ્રાપ્ત કરાવે છે, તો પછી તેથી ન્યૂનદશામાં ચૂકી જવાય એમાં આશ્ચર્ય શું છે ? પોતાના વિચારના બળે કરી, સત્સંગ-સત્શાસ્ત્રનો આધાર ન હોય તેવા પ્રસંગમાં આ જગદ્‌વ્યવહાર વિશેષ બળ કરે છે, અને ત્યારે વારંવાર શ્રી સદ્‌ગુરુનું માહાત્મ્ય અને આશ્રયનું સ્વરૂપ તથા સાર્થકપણું અત્યંત અપરોક્ષ સત્ય દેખાય છે.

**૫૮૫**

મુંબઈ, ચૈત્ર વદ ૧૧, શુક્ર, ૧૯૫૧

**'જેમ નિર્મળતા રે રત્ન સ્ફટિક તણી, તેમ જ જીવસ્વભાવ રે;**
**તે જિન વીરે રે ધર્મ પ્રકાશિયો, પ્રબળ કષાયઅભાવ રે.'**

સત્સંગ નૈષ્ઠિક શ્રી સોભાગ તથા શ્રી ડુંગર પ્રત્યે નમસ્કાર પૂર્વક,

સહજ દ્રવ્ય અત્યંત પ્રકાશિત થયે એટલે સર્વ કર્મનો ક્ષય થયે જ અસંગતા કહી છે અને સુખસ્વરૂપતા કહી છે. જ્ઞાની પુરુષોનાં તે વચન અત્યંત સાચાં છે; કેમકે સત્સંગથી પ્રત્યક્ષ, અત્યંત પ્રગટ તે વચનોનો અનુભવ થાય છે.

નિર્વિકલ્પ ઉપયોગનો લક્ષ સ્થિરતાનો પરિચય કર્યાથી થાય છે. સુધારસ, સત્સમાગમ, સત્શાસ્ત્ર, સદ્‌વિચાર અને વૈરાગ્ય-ઉપશમ એ સૌ તે સ્થિરતાના હેતુ છે.